# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

**CDO PRAKASH SAMIKSHA**

FORTNIGHTLY

Since 1925...

સળંગ વર્ષ ૯૪મું

VOLUME : 21 • ISSUE : 20 • PAGES : 20 • MUMBAI • DATE : 20TH MAY 2019 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


## શ્રી મંજલ નગરે ૧૩૭મો ધજા મહોત્સવ, તા. ૧૩-૧૪ મે, ૨૦૧૯



પધારેલા મહેમાનો તથા ભાવિકજનો



૧૮ અભિષેકની તૈયારીમાં ભાવિકજનો



ધજા મહોત્સવના લાભાર્થી
રમેશ લોડાયા સાથે મિત્રગણ



સત્તરભેદી પૂજામાં મગ્ન ભાવિકજનો



શાંતિકળશની પૂજાના લાભાર્થીઓ



ધજાની પૂજાની તૈયારીઓ



સાધ્વી ભગવંતો સાથે લાભાર્થી પરિવાર



૧૩૭મી ધજાનું શિખર પર આરોહણ



સાધ્વી ભગવંતોના વાસક્ષેપથી પૂજાતી ધજા



ધજાની પૂજા કરતા લાભાર્થીઓ



ધજાની પૂજામાં મગ્ન સાધ્વી ભગવંતો



ધજાની પૂજા કરતા લાભાર્થીઓ







કુંભ તથા ધજાના પૂજન બાદ દેરાસરજીને પ્રદક્ષિણા આપતા લાભાર્થી પરિવારના સભ્યો

# મોતા અને પોલડીયા પરિવારનું ગૌરવ

અમારા પરિવારનું અણમોલ રત્ન **ચી. હીર** ગામ કચ્છ નલીયા, હાલે ઘાટકોપર ધોરણ ૧૦ની બોર્ડની પરિક્ષામાં **૯૭.૬૭%** માર્ક્સ મેળવી ઉર્તીર્ણ થયેલ છે. **ચી. હીર** ને ખૂબ ખૂબ અભિનંદન અને ભવિષ્ય માટે અમારા હીરલાને અંતઃકરણ પૂર્વક **અનુમોદના અને હાર્દિક શુભેચ્છાઓ...**



**ચી. હીર ઉમેશ મોતા**

નલીયા – ઘાટકોપર

નામ : **ચી. હીર**
દાદા-દાદી : **માતુશ્રી હીરાવંતીબેન ખેતશી મોતા**
નાના-નાની : **અ.સૌ. ઈન્દુમતી લક્ષ્મીચંદ પોલડીયા** (લલાપો)
પિતા : **શ્રી ઊમેશ ખેતશી મોતા**
માતા : **અ.સૌ. રાજેશ્રી ઊમેશ મોતા**
બહેન : **તન્વી ઊમેશ મોતા**
મામા-મામી : **અ.સૌ. માનસી વીપુલ પોલડીયા**
માસા-માસી : **અ.સૌ. નૈનીતા રાહુલ સાકલા**
બહેન-ભાઇ : **મહેક તથા પાર્થ વીપુલ પોલડીયા**



**રાજેશ્રી ઊમેશ મોતા** – મો. 9987693334

**સરનામું :** બી/૨૦૩૨, ક્લોવર રીજન્સી, રામજી આશર લેન, એમ.જી. રોડ, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦ ૦૭૭.

# સ્વ. શ્રી. અનિલભાઈ દામજી વિકમસી



ભુલ્યા નથી, કદી પણ ભુલાશે નહી,
કરૂણા ભીની આંખો હતી,
વાસ્તલ્યસભર જેમનુ હૃદય હતું,
મમતા જેમનું મંદિર હતું
ધર્મ અને કર્મનું સમ્નવય હતું,
પરિવાર જેમને પ્રિય હતુ,
કે.ડી.ઓ. માટે અપાર સ્નેહ હતું
શ્રીસંઘ માં ખૂબ માન હતું,
ખામગાંમ ના ગૌરવ હતાં,
કે.ડી.ઓ. ના હૃદય સમ્રાટ એવા અનિલ બાપ્પા હતાં
એવા કુશલ ઉદ્યોગપતિ અને કચ્છ અને ખામગામ ગૌરવ એવા
શ્રી અનિલભાઈ દામજી વિકમસી ના અણધાર્યા વિદાય થી
શ્રી ખામગામ મહાજન અત્યંત દુઃખની લાગણી અનુભવે છે.

અરિહંત શરણ :
તા. ૧૫–૪–૧૯

**પરમપિતા પરમાત્મા એમના આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના**

**શોકાનુકુલ – શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતી મહાજન, ખામગામ**

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા

**અંક નં. ૨૦**
**Date : 20-05-2019**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
E-mail : kdoprakash@gmail.com

**સમય : બપોરે ૧ થી ૪ ફક્ત**
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

# સગપણ અને લગ્ન કે માટે યુવાનોમાં આત્મવિશ્વાસ કેળવીએ

આ એકદમ ચર્ચાયેલા વિષય ઉપર લેખ લેખવાનો હેતુ એ છે આપણે આપણી કેટલીક ભૂલભરેલી માન્યતાઓને તોડવી પડશે અને કેટલીક બાબતો તાકીદે અમલમાં લાવીને સુધારવી પડશે અને આ માટે આપણા દરેક મહાજનો અને સંસ્થાઓએ તરતજ પહેલ કરવી પડશે. વર્ષોથી આપણી જ્ઞાતિમાં અને અન્ય જ્ઞાતિઓમાં સગપણ અને લગ્નસંબંધી ચર્ચાઓ દ્વારા ઉકેલ શોધવાના પ્રયત્નો થઇ રહ્યા છે.

સારૂં પાત્ર, યોગ્ય પાત્ર, સારૂં ઘર, ખાતા પીતા - કમાત ઘરવાળા, દેખાવ, આચાર, વિચાર, શિક્ષણ અને છેવટે કુંડલી વગેરે કેટલાય પાસાનો વિચાર કરીને છેવટે સગપણ 'હા'માં અને સગપણમાંથી લગ્નમાં પરિણમે છે.

આજે આપણી જ્ઞાતિનો વિચાર કરીએ તો મોટે ભાગે આપણી જ્ઞાતિ મહાનગરો અને મોટા શહેરોમાં વસે છે. અહીંયા લગ્નની વાત ચલાવતા પહેલાં છોકરો કે છોકરી શહેરના કયા વિસ્તારમાં રહે છે એ જોવામાં આવે છે. અમુક વિસ્તારો માટે આપણે ન છુટકે હા કરતા હોઇએ છીએ. પછી ઘર કેટલું મોટું છે ? અને કેટલા કુટુંબીજનો સાથે રહે છે ? આવક અને શિક્ષણ પણ જોવાય છે.

શિક્ષિત અથવા ઓછું ભણેલી યુવતીઓ અમુક વિસ્તાર કે શહેરમાં જ પોતાના લગ્ન થાય એવી વિચારસરણી ધરાવે છે. યુવાનો યુવતીઓ જીવનસાથી પસંદ કરવા પોતાનો માપ દંડ ધરાવે છે. બાકી બધી યોગ્યતાઓ હોય પણ જો ઘર નાનું હોય કે અમુક નાપસંદ વિસ્તારમાં રહેતા હોય તો બાકી બધી સારી યોગ્યતાઓ ધરાવતા હોવા છતાં પહેલી પસંદગી આપવામાં આવતી નથી. આમાં ભારતમાંના અમુક વિસ્તારોમાંથી છોકરા કે છોકરીઓ હોય તો બધીજ યોગ્યતાઓ ધરાવતા હોવા છતાં પહેલી પસંદગી આપવામાં આવતી નથી.

કુંડલી મેળાપક અને જ્યોતિષીની સલાહ સર્વોપરી ગણાય છે. આમાં વળી ''નાડી''નું તુત/ભૂતનો ઉમેરો થયો છે અને માતા પિતા આ તૂતમાં મહત્વનો ભાગ ભજવે છે. છોકરા કે છોકરીઓનું "So Called" એ કે કહેવાતું ''ફ્રેન્ડસર્કલ'' બહુજ મહત્વનો ભાગ ભજવે છે અને એમાં પોતાનો વટ પાડવા કે સર્કલમાં ફીટ થાય એવી ''દેખાવડી'' કે ''પર્સનાલિટી'' ધરાવતો હોવો જોઇએ, બાકી બધી યોગ્યતાઓનું કોઇજ મહત્વ નથી. સગપણ પહેલાની મુલાકાતમાં ગર્વથી કહેવામાં આવે છે કે અમારા છોકરાનું સર્કલ બહુજ ''સોફિસ્ટીકેટેડ'' કે અમારી છોકરી ઘરનું કામ નહીં કરે અને ''જૉબ'' કરશે જ.

લગ્નની વિદાય વેળાએ પહેલા છોકરીને માતા-પિતા શિખામણ આપતા કે સુખ-દુ:ખોમાં હસતું મોઢું રાખીને સંસાર નિભાવી લેજે અનેહવે... ''અડધી રાતે પણ અમારા દરવાજા તારા માટે ખુલ્લા છે'' એક કિસ્સામાં સાંભળ્યું હતું કે લગ્નના એક મહિનામાં છોકરાએ કહ્યું કે મને 'SPACE' જોઇએ એટલે કે ''એક સ્વતંત્ર ખૂણો'' જેમાં પત્નીને ઝાંકવાની મનાઇ છે.

પરનાત આપણી જ્ઞાતિની છોકરી કે છોકરાઓ ઉપર પહેલી પસંદગી ઉતારે છે કેમકે ''લેતી દેતી'' ના મોટા ખર્ચામાંથી બચી જવાય. કેટલાક કિસ્સામાં મા બાપ પોતાની પસંદગીનું પાત્ર શોધી લેવા ઉત્તેજન આપે છે. એમ સાંભળ્યું છે કે કેટલાક લગ્નો ફક્ત આર્થિક વ્યવહાર માટે થાય છે અને કેટલાક મહિનાઓમાં જ યેનકેન પ્રકારેણ, છુટાછેડાની હઠ પકડવામાં આવે છે અને આર્થિક પતાવટ જ મુખ્ય મુદ્દો હોય છે.

આમાં અંગ્રેજી અખબારોએ સ્ત્રી પુરૂષોના સંબંધોને વિવિધ પ્રકારના નામ આપીને દાટ વાળ્યો છે. જ્ઞાતિમાં સગપણ અને લગ્નને લગતી આવી બાબતો માટે ખાસ કરી યુવાનોમાં આત્મવિશ્વાસ કેળવવાની જરૂર છે. **– ઉદયન શાહ**, પ્રકાશ સમીક્ષા તંત્રી મંડળ

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## લવાજમ માટે માનદ્ પ્રતિનિધિ

**૧) હેમાંગ શાહ**
ઈ-૩૦૪, ત્રીજો માળો, મિત્રધામ કો. ઑ.સૌ.,
જૈન દેરાસરની બાજુમાં, સર્વોદય નગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
મો.: **09920646846**



**૨) ગુલાબચંદ હિરજી છેડા**
જશાપર-સૂરત
મો.: **099985 56567**

### 'પ્રકાશ સમિક્ષા'ના વોટ્સએપ દૈનિક પ્રકાશનમાં જોડાઈ જવા વિનંતી

૨૦૧૮ થી પ્રકાશ-સમીક્ષાએ તેની ઓનલાઇન આવૃતિનો પ્રારંભ કર્યો. આ વોટ્સએપ દૈનિકમાં કોઇ વિવાદાસ્પદ કે ચર્ચાત્મક પ્રશ્નો લેવામાં આવતા નથી. તેના એડમીનીસ્ટ્રેટર શ્રી તિલકભાઇ કુંવરજી લોડાયા (ચેન્નાઇ), (ભૂતપૂર્વ ઈન્કમટેક્ષ કમીશ્નર) દ્વારા જ્ઞાતિની યુવા અને અન્ય પ્રતિભાઓ, તેમની સિધ્ધિઓ અને ઉપલબ્ધિઓ સહિતની કેવળ સકારાત્મક અને પ્રેરક માહિતી દરરોજ વોટ્સએપ પર અપાઇ રહી છે, આમાં આપ પણ જોડાઇને જ્ઞાતિને લગતા સમાચારો દરરોજ જાણી શકો છે.

**સંપર્ક : શ્રી તિલકભાઇ કુંવરજી લોડાયા - 99406 36646**


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
**સોનલ આર્ટ**
**Mob.: 99678 41792**
'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

## પેરેન્ટિંગ - એક મોટું શાસ્ત્ર

- પ્રવીણ લોડાયા (વડોદરા)

રાજકોટના ચિરાગ મહેતા ત્યાંના બીગ-બજારના ડેપ્યુટી જીએમના હોદા પર છે તે રાજકોટના રહેવાસી છે. જ્યારે એમના પત્ની નિવેદિતા હૈદ્રાબાદના છે અને ત્યાં કોઇ કોર્પોરેટ વર્લ્ડમાં ઉચ્ચ હોદા પર કામ કરે છે. તેમને બે બાળકીઓ છે. બે વર્ષની આ ટ્વિન્સ પોતાની માતા સાથે હૈદ્રાબાદ રહે છે.

નવાઈની વાત એ છે કે બાળકોના પેરેન્ટિંગ માટે તેમણે પોતાની આ સુંદર નોકરીને તિલાંજલી આપી. ઘરખર્ચની જવાબદારી તેમની પત્નીએ ઉપાડી લીધી છે. બાળકીઓના ઘડતર માટે તેમણે નોકરી છોડી દીધી છે.

બાળપણની પ્રત્યેક પળની સ્મૃતિમાં રેકોર્ડિંગ માટે તેમણે ''માય ડૉટર્સ એન્ડ મી ગ્રોઇંગઅપ ટુગેધર'' નામનો બ્લોગ શરૂ કર્યો છે.

બે વર્ષની દિકરીઓ જ્યારે એક ઇયળને ખસતી જુએ છે તો રોમાંચિત થઇ ઉઠે છે. કલાકો સુધી જોયા બાદ તેમને ખાતરી થાય છે કે ઇયળ સુરક્ષિત છે તો તેને પરેશાન કર્યા વગર ત્યાંથી હટી જાય છે. તેમને ગમતી વસ્તુઓ કરવાની પરવાગની આપે છે. આ બાબત બાળકના ઘડતરમાં અત્યંત જરૂરી હોય છે. તેમના ઘરમાં બાળકોના મનોરંજન માટે ટીવી-મોબાઇલ પણ નથી.

ચિરાગ કહે છે અમારા ઘરમાં એક ફિશ બાઉલમાં માછલિયો પાળી છે. તેમને રોજ મારા બાળકો ખાવાનું આપે છે. ક્યારેક ક્યારેક તેને તે લાંબો સમય સુધી જોયા કરતી હોય છે. તે જે કંઇ શીખે છે પોતાને એક પાલતુ જીવ સાથે જોડીને શીખે છે. બાળકોની પરવરિશ કરવી આસાન નથી. થોડાક અલગ પ્રકારના મેનેજમેન્ટ સિધ્ધાંતોની સાથે આ એક અલગ પ્રકારની સંસ્થા છે. પોતાના બાળકોની બીજા બાળકો સાથે સરખામણી ન કરો.

વસલી મુખોપ્લિસ્કી એક રશિયન બાળ મનોવિજ્ઞાની છે. તેમણે પોતાના પુસ્તક 'બાળ હૃદયની ઊંડાઇ' માં લખ્યું છે કે બાળપણ એક એવું ભૂત છે, જે આખી જિંદગી પીછો કરે છે. આપણે એવા જ બનીએ છીએ જેવું બાળપણ આપણે મેળવ્યું.

રોજ પતિ-પત્નિ લડે છે. બન્નેમાં ઇગો પ્રોમ્બલેમ બહુ હોય છે. હું ખરો કે હું ખરી આમાંથી ઊંચા આવતા નથી એનાથી બાળકોનો ખો નિકળી જાય છે. લડતાં લડતાં એમણે ક્યારેય વિચાર્યું નથી કે પોતાના બાળકોને કેવું. બાળપણ આપી રહ્યા છે. એને વિશ્વમાં લાવવા માટે માત્ર ને માત્ર આપણે જવાબદાર છીએ. બાળકે પોતાના જન્મ આપવા અંગે કોઇ અરજી મોકલી ન હતી. આપણા ભૂલોની સજા એ બાળક ભોગવી રહ્યું છે.

માતા બનવું સહેલું નથી. અમેરિકાના ડૉ. પ્રીસીલા બે દીકરીઓની માતા છે. પોતે બાળકોના ડૉક્ટર છે એટલે બાળ ઉછેર વિષે સારૂં જાણતા જ હોય. તેઓ કહે છે સૌથી અઘરી જવાબદારી છે બાળકોને સવારે જગાડીને નિશાળે મોકલવાની. મા ને રાતના ઊંઘ નથી મળતી એકવાર ઊંઘ ઊડી જાય પછી પાછી આવતી નથી. અને આ અમેરીકા છે. અહીં કામવાળા મળતા નથી. અહીં બપોરે સૂઇ લેવાની સુવિધા નથી.

ડૉ. પ્રિસીલા કહે છે સતત ચિંતિત રહેવાથી ઊંઘ ડીસ્ટર્બ થાય છે. કૃષ્ણ ભગવાનની માતાને ક્યારેય પોતે જાગવાની ચિંતા નહોતી ઇન ફેક્ટ, આજકાલ હોય છે એવી ચિંતાઓ ય ક્યાં હતી ? પણ આજે મોબાઇલ ફોનના જમાનામાં ઊંઘ જામતી નથી. ડૉ. પ્રિસીલા કોણ છે તે ખબર છે ? દુનિયાની ઊંઘ ઉજાડનારા ફેસબુક અને વોટ્સએપના કર્તા હર્તા, સમાહર્તા, માર્ક ઝુકરબર્ગના પત્ની.

નાના બાળકોમાં મોબાઇલ ફોન કે ડીઝીટલ ગેજેટ્સનું વળગણ વધ્યું છે. એક વર્ષની ઉમરનું બાળક પણ સ્માર્ટ ફોન લેવા હાથ લંબાવી ઉછાળા માર્યા કરે છે. તેને ક્યુરોસીટી એ વાતની હોય છે કે મારી આસપાસ ઉભેલા લોકો નીચું જોઇને શું જોયા કરે છે.

બાળક જ્યારે દોઢ-બે વર્ષનું થાય છે ત્યારે તે તેના મમ્મી-પપ્પાના હાથમાંથી મોબાઇલ ખેંચવાનો પ્રયાસ કરે છે. બે વર્ષ પછી તો તે મોબાઇલ સાથે રમવા લાગે છે અને તે મેળવવા હઠ કરવા લાગે છે. ત્યાર બાદ તે મોબાઇલ ગેમ રમવા પર ચઢી જાય છે.

અહીં મહત્વની વાત એ છે કે દોઢ વર્ષનું બાળક પણ વોટ્સ એપ પર દાદા-દાદી કે અન્ય કુટુંબીજનોને ઓળખીને ખીલખીલાટ હસે છે.

દરેકે આ નોંધ્યુ હશે, પોતાના વાલીઓ આખો દિવસ મોબાઇલમાં ખૂંપેલા જોઇને નાનું બાળક પણ તેમાં ખૂંપવા કોશિષ કરે છે. નાનું બાળક જ્યારે મોબાઇલ સ્ક્રીન પર આંગળી ફેરવે ત્યારે આખું ઘર ખુશ થઇ જાય છે અને તેના ગ્રાસ્પીંગ પાવરની પ્રશંસા કરે છે.

દરેક કહે છે કે બાળકોના દેખતા મોબાઇલનો ઉપયોગ ના કરવો જોઇએ, એવી સલાહ અપાય છે પરંતુ જ્યારે ઘરના

કામવાળાથી માંડીને ડ્રાઇવર કે આયા સુધીના લોકો મોબાઇલ વાપરતા હોય ત્યાં મોબાઇલને કેવી રીતે છુપાવી શકાય ?

પોતાનું બાળક ડીજીટલ ગેજેટ્સ વાપરે તે સૌને ગમે છે પણ જાણે અજાણે બાળક સ્કીન ડીપેન્ડન્સી ડીસઓર્ડરનો ભોગ બને છે. બહુ ગંભીર બાબત છે. જ્યારે ઇન્સોમ્નીયાનો ભાગ બને ત્યારે મા-બાપને ખ્યાલ આવે છે કે તેમની ભૂલનો ભોગ બાળક બન્યું છે.

હવે સંયુક્ત પરિવારોનો સમય નથી રહ્યો, જ્યાં દાદી બધુ સંભાળી લેતી હતી. કોળિયો ખવડાવતાં ખવડાવતાં રોજ નવી વાર્તા કહેતી. જે ઘરના પોપટના મોઢામાં એક મરચું નાખીને કહેતી કે જો આણે ખાઇ લીધું. હવે તું પણ વધુ એક કોળિયો ખાઇ લે એવો સમય ક્યાં છે હવે !

તમને બાળકો માટે ફૂરસદ નથી. આપણા આ ગુનાની સજા આપણે નક્કી કરવી જોઇએ અને આપણે ભોગવવી જોઇએ. બાળકોનો ઉછેર કરવો એ સામાન્ય બાબત નથી, એ સર્જનાત્મિકતા છે. બાળકોનો કોઇ વાંક નથી. આપણો જ વાંક છે.

બાળકોને ઘડવાનાં નથી. બસ ખુદ પર ધ્યાન આપવાનું છે. આપણા ઘરનું વાતાવરણ કેવું છે ? જો નાની-નાની વાતો પર ઝગડા, એકબીજાની નિંદા કરતા હોઇએ, ગુસ્સો હોય, દુઃખ હોય, ઉદાસી હોય, રડવું આવતું હોય તો આ તમામ ઇમોશનલ ભોજન છે. જે તે બાળક ખાઇ રહ્યું છે.

જેમ ગર્ભાવસ્થામાં આપણે માતાના શારીરિક ભોજનનું બહુ ધ્યાન રાખીએ છીએ તેમ આ 'ઇમોશનલ ડાયેટ' બાળકને ના ખવડાવીએ.

તમારા સંસ્કાર તમારા બાળકના સંસ્કાર બની રહ્યા છે. બાળકના જબરદસ્ત નિરિક્ષણના કારણે ઓટોમેટિક એને સંસ્કાર મળે છે. પાછળથી આખી જિંદગી એને સંસ્કાર આપવાના પ્રયાસ કરશો તેનો કાંઇ અર્થ નથી.

આપણે બાળકને સંસ્કાર આપવાના નથી કે બદલવાના નથી. આપણે બસ આપણા સંસ્કારોનું ધ્યાન રાખવાનું છે. આપણા જેવો સંસ્કાર છે તેવા જ તેના સંસ્કાર બની જશે.

માટે શરૂઆતના ૫/૧૦ વર્ષ તમારા ઇગોને, તમારા અભિમાનને, ગુસ્સાને, માળીયા પર ચડાવી દો પછીના વર્ષો ભલે ઝગડતા રહો. માટે મહેરબાની કરીને નાની-નાની વાતો ન પકડો, ગુસ્સો છોડી દો, ઉદાસ ન થાવ, સદાય ખુશ રહો.


## કે.ડી.ઓ. વેલ્ફેર એસોસીએશન

**ક.દ.ઓ. સામાજીક સુરક્ષા યોજના**

KDO

**શ્રી મોનીક વિનોદ ધરમશી** (પ્રમુખ),
૩-૬-૧૦, આનંદ આર્કેડ, હિમાયત નગર,
મેઇન રોડ, હૈદ્રાબાદ - ૫૦૦ ૦૨૮. મો.: **9849022888**

**શ્રી દીપક ગંગાજર ડાઘા** (ઉપપ્રમુખ),
એ-૧૨૦૩, મહાવીર રેસીડેન્સી, બાલ રાજેશ્વર મંદિર પાસે,
એલ.બી.એસ માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ-૮૦. મો.: **8767753082**

ઇમેલ : **welfarekdo@gmail.com**

| | | |
|---|---|---|
| **પાત્રતા** | : | ૦ થી ૫૩ વર્ષના કે.ડી.ઓ. વ્યક્તિ |
| **આવશ્યક ડૉક્યુમેન્ટ** | : | પેન કાર્ડ તથા આધાર કાર્ડની બે કૉપીઓ. માઇનરના ન હોય તો વાલીના સાથે જન્મ તારીખ પ્રુફ, બે ફોટા |
| **રકમ** | : | રૂા. ૨,૨૦૦/- એકજ વખત |
| **સ્કીમ** | : | ૫૫ વર્ષની વયે રીટાયરમેન્ટ વખતે ડીપોઝીટની રકમ બોનસ સાથે પરત. ૫૫ વર્ષ પહેલાં સભ્યનું અવસાન થાય તો નોમીનીને રૂા. ૭૫,૦૦૦/- અનુદાન તથા અકસ્માતે અવસાનમાં વધારાતા રૂા. ૭૫,૦૦૦/- |

**નોંધ :** ૧) અત્યારસુધી ૧૧,૦૦૦/- થી વધુ જ્ઞાતિજનોએ લાભ લીધો છે. રીટાયરમેન્ટ પહેલાં અવસાન પામેલા ૩૪૦ થી વધુ સભ્યોના નોમીનીને ચુકવણીની કરમ ૧ કરોડ ૮૭ લાખ જેટલી થાય છે.

૨) અત્યારસુધી રીટાયર થયેલા ૩૧૧૮ સભ્યોને ડીપોઝીટની રકમ રૂા. ૧૦૦૦/૨૦૦૦ ઉપરાંત કુલ રૂા. ૧૦ લાખ ૮૭ હજાર જેટેલું બોનસ ચુકવાયું છે.

૩) વિવિધ શહેરોમાં સેવાભાવી કાર્યકરો / મહાસમિતીના સભ્યોને અમારી ટીમમાં જોડાવવા નિમંત્રણ છે.

**સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૧૪-૯-૨૦૧૯ મુંબઇમાં. બહારગામમાં જનરલ બોડીના સભ્યોને ટીકીટ બુક કરાવી લેવા વિનંતી છે.**

# ઓસવાલોનો ઈતિહાસ - કુળદેવી સચ્ચાય માતા - ભાગ ૨

**રમેશ મુલજી લોડાયા**, ભરૂડિયા-મુલુંડ, **મો. 9820336767**

ગુરૂ રત્નપ્રભસૂરિના આદેશથી મંત્રી ઉહડ બનાવી રહેલ ભગવાન મહાવીરના મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણતાને આરે પહોંચ્યું. આ બાજુ ભગવાન મહાવીરની પરમ ભક્ત બનેલી દેવી સચ્ચિયા મંદિરને યોગ્ય વેકરાની રેતી (બાલુ) તેમજ દૂધનાં મિશ્રણથી મહાવીર સ્વામીની મૂર્તિનું નિર્માણ કાર્ય શરૂ કર્યું. એક કથા છે કે મંત્રીશ્રીની ગાય લુણાદ્રી પર્વત ઉપર એક ચોક્કસ સ્થળે ઝાડની નીચે આવી અન્ય ગાયોથી અલગ પડી ઉભી રહી જતી અને તેનાં દૂધનો સ્વયં સ્ત્રાવ થઇ જતો. જ્યારે ગાયનું દૂધ ઓછું થઇ જતા મંત્રીએ ગોપાળને ધમકાવ્યો અને કારણ પુછ્યું. બીજે દિવસે ગોપાળ આખો દિવસ આ ગાયની સાથે રહ્યો અને સાંજના સમયે ચોક્કસ સ્થળ પર ગાયનાં દૂધનો સ્ત્રાવ થતો જોઇ મંત્રીશ્રીને જાણ કરી અને તે સ્થળ બતાવ્યું.

મંત્રીના દીલમાં સંદેહ થયો કે એ જગ્યાએ શું ચમત્કાર હશે કે ગાયનાં દૂધનો સ્વયં સ્ત્રાવ થાય છે. આ સંદેહના નિવારણાર્થે ગુરૂ રત્નપ્રભસૂરિ પાસે આવ્યો. સર્વે દર્શનિકો પણ સાથે હતા. મંત્રીએ ગુરૂ પાસે આવી સઘળી બીના બતાવી અને આવું થવાનું કારણ પુછ્યું. ગુરૂએ કહ્યું 'બીજા દિવસે સવારે આવજો હું કારણ બતાવીશ'. રાત્રે ગુરૂએ દેવીનું ધ્યાન ધર્યું. દેવીએ આવીને જણાવ્યું કે ગુરૂદેવ ઘણા મહિનાઓથી હું ભગવાન મહાવીરની મૂર્તિ જે રેતી અને મંત્રીની ગાયના દૂધથી બનાવી રહી છું. છ માસ પૂર્ણ થતો ત્યારે મૂર્તિ સંપૂર્ણ બની જશે અને ત્યાર બાદ મૂર્તિને બહાર કાઢવામાં આવે.

ગુરૂએ કહ્યું દેવી તમે મંત્રીશ્વરને આ વાત સ્વયં જણાવો. દેવી રાત્રે મંત્રી ઉહડને સ્વપ્ને આવી વાત કરી કે તમે ભાગ્યશાળી છો કે તમારી ગાયનાં દૂધથી હું ભગવાન મહાવીરની મૂર્તિ બનાવી રહી છું. મંત્રી બીજે દિવસે ગુરૂ પાસે આવી કહ્યું દેવીએ મને સ્વપ્ને આવી કારણ જણાવ્યું છે છતાં હું આપશ્રીનાં મુખે સાંભળવા ઇચ્છુ છું. તેથી ગુરૂજીએ પુરી હકીકત જણાવી અને છ મહિના બાદ મૂર્તિને બહાર કાઢવાનું કહ્યું. જેમ જેમ સમય જતો ગયો અને છ માસ પુરા થવાનો સમય નજદિક આવવા મંડ્યો તેમ તેમ લોકોની પ્રભુનાં દર્શનની ઉત્કંઠા વધવા માંડી. ગુરૂ પાસે આવી મંત્રી તેમજ અન્ય શ્રાવકોએ પ્રાર્થના કરી કે ગુરૂદેવ, પધારો, પ્રભુબિંબ જલ્દી બહાર કાઢી અમને દર્શન કરાવો. તે પર ગુરૂએ કહ્યું હજુ છ માસ પૂર્ણ થવામાં ૭ દિવસ બાકી છે થોડી ધીરજ રાખો. મંત્રીશ્વર બોલ્યા દેવી દ્વારા મૂર્તિનું નિર્માણ અને આપ જેવા ગુરૂદેવનો આદેશ એ અમારા માટે ઉત્તમ અવસર છે અને એ જ શુભ મૂર્હૂત છે. અમારી પ્રાર્થના સ્વીકારી હમણાં જ પધારો જેથી અમે પ્રભુનાં દર્શન પામી ભાગ્યશાલી બનીએ. ગુરૂદેવ સર્વે ભાવિક લોકોનો ઉમંગ અને ઉત્સાહને રોકી ન શક્યા અને ભવિતવ્યતાનો વિચાર કરી ચાલવાની મંજૂરી આપી. પછી તો પુછવું જ શું. આખા નગરમાં ખબર ફેલાઇ ગઇ. મૂર્તિને લાવવા હાથી લાવી સર્વે ગુરૂજી સાથે જ્યાં ભગવાનની પ્રતિમા હતી ત્યાં પહોંચ્યા.

જ્યાં ગાયના દૂધનો સ્ત્રાવ થતો હતો તે સ્થળે ખોદકામ કરતાં મૂર્તિ નીકળી જેનું હીરા, માણેક, મોતી આદિ રત્નોથી પ્રભુજીને વધાવ્યા. નિર્ધારિત સમયથી સાત દિવસ પહેલાં મૂર્તિને બહાર કાઢવાથી મૂર્તિ થોડી અપૂર્ણ રહી જવા પામી. મૂર્તિના છાતી પર લીંબુના ફળ જેટલી બે ગ્રંથિ (ગાંઠ) રહી ગઇ. પ્રભુજીની પ્રતિમા નિકળતા આકાશમાં દુંદુભી નાદ થયો, લોકોએ હર્ષમાં આવી નાચવાનું ચાલુ કર્યું. વાજિંત્રો વગાડ્યા. પાંચ પ્રકારના ફુલોની વર્ષા થઇ. ગુરૂજીએ માન્યું નિયતિને આજ મંજૂર હશે. મૂર્તિને મંદિરમાં લાવવામાં આવી. પ્રતિષ્ઠા માટે ગુરૂજીએ મહા મહિનાની સુદ પંચમીને ગુરૂવારનું મુર્હુત આપ્યું. મંત્રીશ્વરને શ્રાવકો પ્રતિષ્ઠાની તૈયારીમાં લાગી ગયા.

રત્નપ્રભસૂરિજી સાથે ૫૦૦ શિષ્યોથી ઉપકેશપુર


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે

Since 1982...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ). મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



## મેનેજર જોઈએ છે.

**શ્રી આર્ય ગુણ ગુરૂકૃપા જૈન તીર્થ**

રામજી કા ગોલ, જી. બાડમેર, રાજસ્થાન ખાતે તીર્થ સંચાલન માટે વ્યવસ્થિત મેનેજર જોઇએ છે. યોગ્ય પગાર સાથે લેખિત અરજી નીચે આપેલ સરનામે આપવા વિનંતિ.

**શ્રી આર્ય જય કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટ**

૧૦૩, મેઘરત્ન બિલ્ડીંગ, દેરાસર લેન, ઘાટકોપર (પૂર્વ),
મુંબઇ-૪૦૦ ૦૭૭. **9833430701 / 7014272895**

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન - તેરા

તેરા - કચ્છ, તા. અબડાસા, પીન - ૩૭૦ ૬૬૦. ફોન : (02831) 289223 / 289224

## શ્રી તેરા-કચ્છ ખાતે ચાતુર્માસ મંગલ પ્રવેશ એવમ ચાતુર્માસ સહ પર્યુષણ પર્વ ઉજવવા ભાવભર્યું આમંત્રણ...

**શ્રી તેરા-કુવાપધર-લાખણીયા તથા ધ્રુફી ગામના ભાઈ-બહેનો એવમ ચારેય ગામની નિયાણી બહેનો જોગ...**

ચાલુ સાલે તેરા તીર્થમધ્યે ચાતુર્માસની આરાધના કરાવવા માટે અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના આજ્ઞાવર્તી **પ.પૂ. સા. શ્રી. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**ના પ્રથમ શિષ્યા, **પ.પૂ.સા. શ્રી જયધર્માશ્રીજી મ.સા.** ઠાણા-૧ ચાતુર્માસની આરાધના કરાવવા પધારશે.

તેઓશ્રીનું તેરા તીર્થે ચાતુર્માસ મંગલ પ્રવેશ અષાઢ સુદ-૨ ગુરૂવાર તા. ૦૪-૦૭-૨૦૧૯નાં સવારના ભાગમાં થશે.

**પર્યુષણ પર્વ પ્રારંભ : શ્રાવણ વદ - ૧૩, મંગળવાર તારીખ ૨૭-૦૮-૨૦૧૯**

**પર્યુષણ પર્વ સમાપન : ભાદરવા સુદ - ૬, બુધવાર તારીખ ૦૪-૦૯-૨૦૧૯**

આપ સૌને ચાતુર્માસ પ્રવેશ - ચાતુર્માસ સહ પર્યુષણ પર્વની આરાધના માટે તેરા-કચ્છ પધારવા ખાસ આમંત્રણ પાઠવીએ છીએ. (**નોંધ :** જે ભાવિકો ચાતુર્માસ કરવા ૧ થી દોઢ મહીનો કે તેથી વધુ વખત માટે તેરા ખાતે પધારશે તેમના રહેવાની અને ભોજનની વ્યવસ્થા મહાજનશ્રી તરફથી કરવામાં આવશે. તે મુજબની જાણ તેરા પેઢી ઉપર અગાઉથી કરવી જરૂરી છે.)

**આપશ્રીની કચ્છ પધારવાની રેલ્વે ટિકિટો વેળાસર કઢાવી લેશોજી. તે મુજબની જાણ તેરા પેઢીએ કરવા વિનંતી છે.**

લિ. **શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન - તેરા**

તેમજ **શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ** ના બહુમાન પુર્વકના પ્રણામ સ્વીકારશોજી.

# શ્રી ક.દ.ઓ. જૈન કોઠારા જ્ઞાતિ મહાજન કોઠારા

તા. અબડાસા, કોઠારા - કચ્છ, પીન કોડ - ૩૭૦ ૬૪૫. ફોન : ૦૨૮૩૧-૨૮૨૨૩૫

**મુંબઈ કાર્યાલય:** C/o. કે.એન. અજાણી, ૧૩૭ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૩. ફોનઃ ૨૩૪૦ ૦૨૫૧ (સમય : ૪ થી ૬)

## શ્રી કોઠારા તીર્થે ચાતુર્માસ પ્રવેશ અને શ્રી પર્યુષણ મહાપર્વે પધારવા

## ******** ભાવભર્યું આમંત્રણ ********

રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિશ્રી **પ. પૂ. ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**ની દિવ્યકૃપાથી જિનશાસન શિરોમણી તપચક્રવતી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ની આજ્ઞા આશીષથી આજ્ઞાનુવર્તી પ.પૂ. સાધ્વી શ્રી જ્યોતિકલાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ. સાધ્વી શ્રી કિરણકલાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૧** નું ચાતુર્માસ કોઠારા તીર્થને પ્રાપ્ત થયેલ છે. પૂજ્યશ્રીઓનું ચાતુર્માસ પ્રવેશ **અષાઢ સુદ ૯ને બુધવાર, તા. ૧૦-૦૭-૨૦૧૯** ના શુભ દિવસે સવારના થશે. તો આ પાવન પ્રસંગે સર્વે કોઠારાવાસીઓ તથા જ્ઞાતિજનોને કોઠારા તીર્થે પધારવા ભાવભર્યું આમંત્રણ. મંગળવાર, તા. ૨૭-૦૮-૨૦૧૯ ના પર્યુષણ મહા પર્વ શરૂ થાય છે તો ચાતુર્માસ તથા પર્યુષણ મહાપર્વ પધારવા હાર્દિક આમંત્રણ. ચાર્તુમાસના ચાર મહીના આરાધના કરવા માટે શ્રી કોઠારા મહાજન સહર્ષ આમંત્રણ આપે છે. સ્થાનિકે બધી સગવડો ઉપલબ્ધ છે. ઈચ્છુક આરાધકોએ કોઠારા તીર્થની મુંબઈ ઓફીસ અથવા સ્થાનિકે જાણ કરવા વિનંતી.

### શૈક્ષણિક સહાય-સ્કુલ કોલેજ ફી માટે

**શ્રી ક.દ.ઓ. જૈન કોઠારા જ્ઞાતિ મહાજન કોઠારા** દ્વારા નિવેદન કરવામાં આવે છે કે ચાલુ વર્ષે ધો. ૧ થી ૧૦ તથા કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરતા સર્વે કોઠારાના જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને સ્કુલ/કોલેજ ફી માટે અરજીપત્રક ટ્રસ્ટની મુંબઈ ઓફીસે તથા કચ્છ કોઠારા ઓફીસે ઉપલબ્ધ છે. અરજીપત્રક ફોર્મ મેળવી, સંપૂર્ણ વિગત ભરી ટ્રસ્ટની મુંબઈ ઓફીસે મોકલી આપવા વિનંતી.

**શૈક્ષણિક સહાય ફંડમાં જેમણે ફાળો નોંધાવેલ છે તેઓએ વહેલી તકે રકમ મોકલી આપવા નમ્ર વિનંતી.**

**શૈક્ષણિક સહાય ફંડમાં સહભાગી થવા ગામવાસી ભાઈ-બહેનોને નમ્ર અપીલ કરવામાં આવે છે.**

UPASANA - 9820167767

આવેલા જેમાંથી ૪૬૫ શિષ્યોએ વિહાર કરી બાજુના કોરંટપુર નગરમાં ચાતુર્માસ કરેલ. ત્યાં પણ ગુરૂદેવના ઉપદેશથી ભગવાન મહાવીરના મંદિરનું નિર્માણ થયું. આ મંદિરમાં પ્રતિષ્ઠાનું મુર્હુત પણ મહા સુદ પાંચમ અને ગુરૂવારના એજ સમયે બ્રાહ્મમુર્હુતનું નિકળ્યું. કોરંટપુર સંઘે મુનિશ્રી કનકપ્રભ દ્વારા પ્રતિષ્ઠા કરાવવાનું કહ્યું ત્યારે મુનિશ્રીએ કહ્યું કે પ્રતિષ્ઠા તો અમારા ગુરૂદેવ જ કરાવશે. તેથી કોરંટપુર સંઘ ઉપકેશપુર આવ્યો. ગુરૂદેવ શ્રી રત્નપ્રભસૂરિને વિનંતી કરી કે પ્રતિષ્ઠા સમયે આપ કોરંટપુર પધારો અને આપ પ્રતિષ્ઠા કરાવો. ગુરૂદેવ કહે એ જ મુર્હુત અંહી ઉપકેશપુરનાં મંદિરનું છે તો હું કેવી રીતે આવી શકુ. આવું સાંભળતા કોરંટપુર સંઘ નિરાશ થઇ ગયો. લોકોની નિરાશા જોઇ ગુરૂએ દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરી કહ્યું તમારો સૌનો આગ્રહ છે તો પ્રતિષ્ઠાની તૈયારી કરો હું ચોક્કસ સમયે જરૂર આવી જઇશ.

પ્રતિષ્ઠાનો સમય નજિક આવ્યો. ઉપકેશપુરમાં ગુરૂદેવ ભગવાન મહાવીર બીંબની પ્રતિષ્ઠા કરાવતા હતા તેજ સમયે આકાશગામિની વિદ્યા લબ્ધીથી બીજું રૂપ ધારણ કરી કોરંટપુર પહોંચી પ્રતિષ્ઠા કરાવી ફરી ઉપકેશપુરમાં આવી ગયા. ૭૦૦ વરસ પ્રાચિન જૈનાચાર્યોએ લિખિત 'ઉપકેશ ગચ્છચરિત્ર' અને 'ઉપકેશગચ્છ પટ્ટાવલી'માં આ વર્ણન છે.

**नितरुपेण उपकेश प्रतिष्ठा कृता । वैक्रय रुपेण**

**कोरंटके प्रतिष्ठा कृता । श्रध्दे द्रव्य व्यय कृत:**

**– उपकेश गच्छ पट्टावली**

**उपकेश च कोरंटे तुल्य श्रीवीर बिंबिया ।**

**प्रतिष्ठा निर्मिता शकत्या श्री रत्नप्रभ सुरभि: ।।**

**– उपकेश गच्छ चरित्र**

એ સમયે મંદિરોમાં પૂજારી તરીકેનું કામ બ્રાહ્મણો જ કરતા હતા. પરંતુ જ્યારે ક્ષત્રિયોએ જૈન ધર્મ સ્વીકાર્યો ત્યારે બ્રાહ્મણોએ એ મંદિરોમાં પૂજા કરવાનો તેમજ સાથે ભોજન કરવાનો ઇન્કાર કર્યો. રાજાએ કેટલાક બ્રાહ્મણોને કહ્યું તમે જૈન ધર્મમાં શ્રધ્ધા ધારણ કરો તો તમારા મરણે-પરણે લાગા મહાજન આપશે. પાંચ હજાર બ્રાહ્મણો તૈયાર થયા. મહાજનો સાથે ભોજન કરવાથી 'ભોજક' તરીકે ઓળખાયા. બ્રાહ્મણોનાં ત્રણ ગોત્રમાંથી એમની ૧૬ શાખાઓ થઇ. જૈન મંદિરમાં સેવા-પૂજા કરતા હોવાથી 'સેવક' તરીકે પણ ઓળખાયા ત્યારથી સેવકો-ભોજકો સાથે મહાજન કોમના સંબંધો ચાલુ છે.

એક વખત બ્રાહ્મણોમાં મુખ્ય બ્રાહ્મણના પુત્રને સર્પદંશ થયો. સૂરિજીએ જાણ્યું કે તેને ઝેર ચઢ્યું છે પરંતુ જીવીત છે. ગુરૂએ ધર્મની ઉન્નતિ માટે કહ્યું કે તમારા પુત્રને હું જીવિત કરી આપું તો તમે શું કરશો ? બ્રાહ્મણ કહે આજીવન તમારા દાસ થઇને રહેશું. ગુરૂએ અભિમંત્રિત જલ આપ્યું તેનાથી પુત્ર સજીવન થયો. ગુરૂજીથી પ્રભાવિત થઇ જૈન ધર્મ અંગીકાર કર્યો. જેનાથી બ્રાહ્મણો અને મહાજનો (શ્રાવકો) વચ્ચે ચાલતાં ઝગડાઓનો અંત આવ્યો અને ૧૮૦૦૦ જેટલા બ્રાહ્મણો પણ જૈની બન્યા.

**ભુલ સુધાર નોંધ :** અગાઉના અંક ૧૯ (તા. ૫ મે ૨૦૧૯) પાના નંબર ૧૩નું લખાણ 'દેવી કહે પછી રક્ત માંસ તો શું લાલ રંગના વસ્ત્ર પણ ફૂલમાત્ર નહીં સ્વીકારૂં અને નહીં સ્વીકારૂં'ની જગ્યાએ ''દેવી કહે હવે પછી રક્ત-માંસ તો શું લાલ રંગના ફુલ પણ નહિં સ્વીકારૂ'' એમ વાંચવું.

## જ્ઞાતિના આગામી આયોજન

એસપીએસ અને અન્ય ટ્રસ્ટો તરફથી મળતી લોન અને સ્કોલરશિપ અને ઉત્કર્ષ ટ્રસ્ટની સહાયના અરજી પત્રકો વીએલવીજીમાં સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦ જૂન ૨૦૧૯ છે.

- **ગિરનાર તીર્થો :** ૧૫-૭-૧૯ આચાર્ય ભગવતનું ચાતુર્માસ મહોત્સવ પ્રવેશ.

  હાલમાં આપણા અનેક ગામોમાં પર્યુષણ આરાધના માટે આમંત્રણ આપવામાં આવી રહ્યા છે. પર્વ પ્રારંભ ૨૬-૮-૧૯.

  અનેક દેરાસરજી ટ્રસ્ટો તરફથી ધ્વજા મહોત્સવ માટે પણ જાહેર આમંત્રણ પ્રેષિત કરાય છે.

- **કુલપાકજી તીર્થ :** કુલપાકજી તીર્થ યાત્રી સંઘ ચૈત્ય પરિપાટી તા. ૨૭-૮-૧૯ નામ નોંધાવવાની છેલ્લી તા. ૩૧-૫-૧૯.


## જાહેરાતો મોકલવા માટે સંપર્ક

મુકેશ લોડાયા - **022-2508 4463 / 64 / 65**

મોબાઇલ **98211 54326** (સવારે ૧૧ થી સાંજે ૭)


## MATRIMONIAL

32 Years Boy, 5'8", 65 Kgs. having package of 32 Lakhs at Goa and other additional income from Lisenced Clearing and Forwarding business invities proposals from like minded. Home Living Girls.

*-: Contact :-*

**0251-2448280, 2433621, 9773900239**

# "મંગલકારી મંજલ નગરે શ્રી આદિશ્વરજી દાદાનાં જિનાલયે ૧૩૭મો ધજા મહોત્સવ ધામધુમથી ઉજવાયો"

વૈશાખ સુદ-૧૦ એટલે ૨૪માં તીર્થંકર શ્રી મહાવીર સ્વામીને કેવલ જ્ઞાન પ્રાપ્ત થયું અને વૈશાખ સુદ-૧૧ના શ્રી ચતુર્વિધ સંઘની સ્થાપના થઈ અને આ તિથિએ મંજલ નગરે દાદાનો ધજા મહોત્સવ ઉજવાય છે.

વૈશાખ સુદ-૭નાં જ **તપચક્ર, ચક્રવર્તી, સુદીર્ઘ ત્રેપનમાં વર્ષીતપ આરાધક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના આજ્ઞાવર્તીની, પ્રવર્તીની પ.પૂ. મહાતરા મુખ્યા સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના આજ્ઞાકારી શિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી તીર્થપ્રભાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી ભાવલીનાશ્રીજી મ.સા.**ના પાવન પગલા મંજલ નગરીમાં થયા. તેમની નિશ્રામાં ધજા મહોત્સવનો રંગારંગ કાર્યક્રમ **વિધિકાર શ્રી ચંદ્રકાંત દેઢીયા** અને તેમની સંગીતની પાર્ટીના સથવારે ઉજવાયો.

તા. ૧૩મી ની સુપ્રભાતથી મુંબઈથી પધારનાર ભાવિકજનોની આંખોના પલકારે રાહ જોવાતી હતી. ઢોલ અને શરણાઈથી તેમનું સ્વાગત કરી દાદાના દર્શને પધારી ગુરૂ ભગવંતોને વંદના કરી ધજા મહોત્સવ કાર્યક્રમ સુખરૂપ પૂર્ણ થાય તેવા આશિર્વાદ લેવા શ્રીસંઘ તેમની પાસે પધાર્યુ.

બપોરના ૧૮ અભિષેકનું પૂજન સંગીતના સૂરો અને વિધિ વિધાન પૂર્વક વિધિકાર શ્રી ચંદ્રકાંતભાઈએ પ. સાધ્વી ભગવંતોની હાજરીમાં આનંદોલ્લાસથી પૂર્ણ કરાવ્યું.

રાત્રે ભાવનામાં **શ્રીમતી ચંદા અશ્વિન મૈશેરી અને માતૃશ્રી તારાબેન કલ્યાણજી લોડાયા**એ મીઠા મધુરા રાગમાં પ્રભુજીના સ્તવનો ગાઈ સૌના મન હરી લીધા.

માંડવીથી પધારેલ **કુમારી રીચા કિરણ પટવા**એ અતિ પ્રખ્યાત ચંદનબાળા અને મહાવીર સ્વામીના **''આવો આવો દેવ મારા''** પર નૃત્ય પ્રસ્તુત કર્યુ અને **કુમારી તમન્ના વૈભવ સોમચંદ ધરમશી એ નવકાર મંત્ર** ઉપર નૃત્ય કરી વાતાવરણને ભક્તિમય બનાવી દીધુ.

મંગળવાર, તા. ૧૪ મે ના સવારના શુભ મુર્હતે શ્રી મેઘરાજ કૃત સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી તેમાં લાભાર્થી પરીવારના સદસ્યો તેમજ હાજર રહેલા ભાવિકજનોએ ઉમળકાથી ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

બરાબર ૧૨.૩૯ના શુભ મુર્હતે દાદાના દેરાસર પર ધજા રોહણ કરવામાં આવ્યું અને ગગનભેદી જયે જયેકાર સાથે સંગીતના તાલે સૌ ભાવિકજનો મગ્ન થઈ નાચી ઉઠ્યા અને

**૧૩૮મો ધ્વજારોહણનો આદેશ**
**શ્રીમતી મિતલ વિરેન હરખચંદ નંદુ**
**ગામ રાયણ પરિવારે લીધેલ છે.**
**સંઘ તેમની ભુરી-ભુરી અનુમોદના કરે છે.**
**શ્રીમતી મિતલ મંજલ ગામની નિયાણી છે.**
**અને શ્રી લક્ષ્મીચંદ પાસુભાઈ ગોસરની સુપુત્રી છે.**

## ૧૩૭મી ધ્વજારોહણના ચડાવા અને ઉછામણીના લાભાર્થી

**૭૨,૦૭૨/- ૧૩૭મી ધ્વજારોહણના લાભાર્થી** : માતૃશ્રી નેણબાઈ હિરજી ખીંયશી લોડાયા પરિવાર તથા માતુશ્રી વાલબાઈ વિશનજી લાલજી ધરમશી પરિવારે લીધેલ

**૩૦,૪૮૧/- ૧૮ અભિષેક પૂજન**નો કુલ્લ ચઢાવો થયો હતો.

**૧૫,૫૧૫/- સૂર્ય દર્શન**, માતૃશ્રી માનબાઈ પાશવીર નેણશી દંડ, હસ્તે : શ્રી હિરાચંદ પાશવીર દંડ-કાંદીવલી.

**૮,૦૦૦/- ચંદ્ર દર્શન**, મેરૂલ ડૉ. હિરેન રાજેશ કલ્યાણજી વોરા.

**૪૯,૯૯૮/- શાંતિ કળશ (૧૮ અભિષેક)** : માતૃશ્રી ભચીબાઈ દેવશી ખેતશી ગોસર. પૂ. તિર્થપ્રભાશ્રીજી તથા પૂ. ભાવલીનાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી.

**૨,૧૦૩/- ૧૦૮ દિવાની આરતિ**, સ્વ. વૈભવ સોમચંદ ધરમશી.

**૧,૫૦૩/- મંગળ દિવો**, તમન્ના વૈભવ સોમચંદ ધરમશી.

## વાર્ષિક ચઢાવા

**૧૨,૧૧૨/- પ્રક્ષાલ પૂજા** : શ્રીમતી કલાવતી મોહનલાલ વેરશી ગડા (ગામ ચિયાસર).

**૨૫,૫૨૫/- કેશર ચંદન પૂજા** : માતૃશ્રી ભાણબાઈ પાસુભાઈ ગોસર, હસ્તે : રસીલાબેન પ્રેમજી ગોસર (ગામ મંજલ-રેલડીયા).

**૨૫,૫૨૫/- પુષ્પ પૂજા** : કુમારી કુહુ, ક્રિષા ખંતીલ વિરચંદ લોડાયા - ડોમ્બીવલી.

**૨૦૧૨૦/- દિપક પૂજા** : માતૃશ્રી નવલબેન ચત્રભુજ ખોના-મંજલ, હસ્તે : સુરેશભાઈ, રેખાબેન, પુષ્પાબેન, ચંદનબેન તથા હેન્નાબેન.

**૧૩,૧૧૩/- ધૂપ પૂજા** : કાંતાબેન, ગીતાબેન, લતાબેન

**૧૧,૧૧૧/- અંગ લુછણા** : શ્રીમતી કલાવતી મોહનલાલ વેરશી ગડા (ગામ ચિયાસર).

**૧૮,૧૧૮/- વાસક્ષેપ પૂજા** : શ્રી મહેક, અમ્રિતા ઉદય પ્રવિણચંદ્ર ખોના (ગામ બારોઈ)

**અમે આભારી છીએ શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ**ના સર્વે ટ્રસ્ટીગણોના - જેમની અવિરત સેવાથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયું. આ મહોત્સવને સફળતાના સોપાન સર કરવામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે અનેક લોકોનો સાથ અને સથવારો પ્રાપ્ત થયેલ છે તે બધાનો વ્યક્તિગત રૂપે આભાર માનવો મુશ્કેલ છે, પણ અમે તે સર્વેના અંતઃકરણપૂર્વક આભારી છીએ... ઉપરોક્ત રીપોર્ટમાં શરતચુકથી કોઈનું નામ રહી ગયેલ હોય તો મિચ્છામી દુક્કડમ્.






**રચયિતા: જયકાંત મોતા**

ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨


## કચ્છી કસબ - ૧૩૮

**ઊભી ચાવીઓ -**

[૧] બહુ જુનું (Very old) (૩); [૨] લાલ રંગ (Red colour) (૨); [૩] ગરોડી (Lizard) (૪); [૪] અક્કલ વગરનો (Foolish) (૪); [૫] નવું (New) (૨); [૮] સાંણસી (Vessels) (૩); [૧૦] જેમતેમ (By any how) (૪); [૧૧] જર્જરીત (In ruins) (૩); [૧૩] ગાલ (Cheek) (૨); [૧૬] સરસ (Nice) (૨); [૧૯] પોણૂં (Three forth) (૨); [૨૦] મોટેથી બુમ મારવી (Calling loudly) (૨); [૨૧] કંટાળી જવું (Get bore) (૪); [૨૨] પાણીનું ગાડુ (Bullock cart of water) (૨); [૨૩] પેટારો (Trunk) (૩); [૨૫] થોડુંક (Very little) (૩); [૨૬] નખરા (Tantrum) (૪); [૨૮] ઢોરનો ચારો (Fodder) (૨); [૨૯] ઘણા બધા (Too many) (૨); [૩૦] ભાઈ (Brother) (૧);

**આડી ચાવીઓ -**

[૧] રામબાણ ઈલાજ (Effective) (૪); [૩] કિનાર (Border) (૨); [૬] સંડાસમાં લઈ જવાનો પાણીનો ડબ્બો (Tumbler for latrine) (૩); [૭] તમાચો (Slap) (૩); [૯] લાંબો વખત રોકાવું (Stay for long time) (૨); [૧૦] આવજો (Bye) (૩); [૧૨] ટાલ (Baldness) (૨); [૧૩] સંજોગ (Circumstances) (૨); [૧૪] તેડવું (To carry) (૨); [૧૫] પકડવું (To hold) (૨); [૧૭] પિતા (Father) (૧); [૧૮] ફૂલની વેણી (Flower string) (૩); [૧૯] કુટુંબની વ્યક્તિનો ભટકતો આત્મા (Soul of dead family member) (૩); [૨૧] બેઠો (Seated) (૨); [૨૨] પાણીના ગાડાઓ (Bullock carts of water) (૨); [૨૩] માંડ માંડ (With lot of efforts) (૪); [૨૪] ઝુટવું (To snach) (૩); [૨૬] જા (Go) (૨); [૨૭] બીજા માટે નિયમ પાળવો (Draw line for others) (૨); [૨૮] છોકરાની સગાઈ થવી (Engagement of boy) (૨); [૨૯] ઘણું બધું (Plenty) (૨); [૩૦] લાડ (Pampering) (૨); [૩૧] છોકરાનો છોકરો (Grandson) (૨); [૩૨] બેસજો (Be seated) (૨); [૩૪] ડાહીસી (Wise women) (૨);

(ઉકેલ અન્યત્ર)



### ક.દ.ઓ. ના ઉભરતા ચિત્રકાર ને આર્ટીસ્ટ

## શ્રી અમન જીજ્ઞા/નિરવ લુઠીયા

### ચેમ્બુર/મુંબઈ



WAPS-204 • Dt. 11-3-2019

મુંબઈ (ચેમ્બુર)ના શ્રી અમન, અમદાવાદની વિખ્યાત નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડીઝાઈનમાં અભ્યાસ કરી રહ્યા છે. અમદાવાદમાં મેટ્રો સ્ટેશન નવું બંધાયું છે, તેને માટે ચિત્રાંકન અને ડીઝાઈન માટે આ સંસ્થામાંથી કેટલાક વિદ્યાર્થીઓની પસંદગી થઈ હતી તેમાંથી શ્રી અમનનું બનાવેલ ચિત્રાંકન અહીં બતાવ્યું છે.

આ ઉપરાંત તેમણે તાજેતરમાં મુંબઈની સોમૈયા કોલેજની Symphony-2019 માં ભાગ લીધો હતો અને તેમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

બાળપણથી જ તેઓ અભ્યાસમાં હોંશીયાર છે અને વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સારો એવો ભાગ લેતા હતા. કરાટેમાં તેઓ Black-Belt ધરાવે છે. મરાઠી લિપીની કેલીગ્રાફીમાં તેમને પ્રથમ ક્રમાંક મળ્યો હતો. મુંબઈ Cricket Assn. ની અંડર-૧૬ માટે તેઓ રમતા હતા. સંગીતમાં Singing-ગાયન-વાદન અને તબલા માટે પણ તેમણે અનેક ઈનામો મળ્યા છે. ઉપરાંત ડ્રૉઈંગ હરીફાઈ માટે પણ અનેક ઈનામો મળ્યા છે.

તેઓ શ્રીમતી કાશમીરાબેન અને વિરેન્દ્ર લુઠીયાના પૌત્ર છે.

## ટાઈમ્સ વિમેન્સ ડ્રાઈવમાં શિલ્પા અજાણીની અદ્ભુત કાર્યસિધ્ધિ

આપણી જ્ઞાતિના સુશ્રી શિલ્પા અજાણીએ આ વર્ષે ફરી મુંબઈથી ગોવા સુધીની ટાઈમ્સ વિમેન્સ ડ્રાઈવ, ઈનર વ્હીલ ક્લબ ઓફ બોમ્બે સી કોસ્ટની ટીમની બે સાથીઓ સાથે સફળતાપૂર્વક પૂર્ણ કરવા સાથે મુંબઈના ''બેસ્ટ સોશ્યલ મેસેજ'' નો પુરસ્કાર પણ જીત્યો. વર્ષ ૨૦૧૯-૨૦ માટે શિલ્પા, ઈનર વ્હીલના ડીસ્ટ્રીક ૩૧૪ના ઝોન ૨ના ઝોનલ કોઓર્ડિનેટર પદે નિમાયા છે.

શિલ્પાએ દિવ્યાંગો માટે "Accessibility, Equality, Inclusivity" અર્થાત્ સુલભતા, સમાનતા, સર્વસમાવેશકતા'ની સમસ્યાની, કાર સજ્જા તથા વેશસજ્જા દ્વારા ખૂબ જ પ્રભાવી રજુઆત કરી હતી. મુખ્ય થીમ, કાર સજાવટ અને ટીમના વસ્ત્રોના વિચાર-આકાર બધું જ શિલ્પાનું હતું. તેમના car-decor તેમજ વેશભૂષા, ખૂબજ ધારદાર સૂત્રો અને ચિત્રો વડે તેમના વિષયને અત્યંત પ્રભાવકારક રીતે પ્રતિબિંબિત કરતા હોવાથી જ શિલ્પાની ટીમને ''બેસ્ટ સોશ્યલ મેસેજ''નો અવોર્ડ અપાવી ગયા! લાગલગાટ બે વાર સુયશ પ્રાપ્ત કરનાર શિલ્પા, ગયા વર્ષે મુંબઈની 'બેસ્ટ ડ્રેસ્ડ ટીમ' નો અવોર્ડ જીત્યા હતા.

લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં, ટાઈમ્સ ઓફ ઈન્ડિયાની આ ભવ્ય ટાઈમ સ્પીડ-અંતર રેલીને વિશ્વની સૌથી મોટી મહિલાઓની કાર રેલી ગણવામાં આવી છે. આ વર્ષે મુંબઈ, પુણે, બેંગલોર અને હૈદરાબાદના ચાર શહેરોમાંથી મહિલાઓ, બે દિવસમાં કુલ ૨૦ થી ૨૨ કલાક ડ્રાઈવ કરીને, ગોવા પહોંચી હતી. ટાટા મેમોરિયલ સેન્ટર દ્વારા સ્તન અને સર્વાઈકલ કેન્સર વિષયક જાગૃતિ માટે, આ ડ્રાઈવના માધ્યમથી, બહોળું ભંડોળ ઊભું કરવામાં આવ્યું.


### માનદ્ પ્રતિનિધિ નીમવા છે

દરેક ગામમાં પ્રકાશ સમીક્ષાના લવાજમ અને સમાચારો માટે માનદ્ પ્રતિનિધિ નીમવા છે. ઈચ્છુક વ્યક્તિ સંપર્ક કરશો. જૂના માનદ્ પ્રતિનિધિઓને પણ ફરી કાર્યરત થવા વિનંતી.

**સંપર્ક : ફોન અને વૉટસએપ નં.**

હીરાચંદ દંડ - 7738508150,

ઉદયન શાહ - 8779647886,

ઈમેલ : kdoprakash@gmail.com



|| શ્રી વાસુપૂજ્ય સ્વામી નમઃ || || શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ || || શ્રી શાંતિનાથાય નમઃ ||

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન નાનીખાવડી

મુ. નાની ખાવડી, પોસ્ટ સિક્કા, જીલ્લો - જામનગર, સૌરાષ્ટ્ર-૩૬૧૧૪૦
મુંબઈ સંપર્ક : C/o. પંકજ પાશ્વીર લુઢીયા, ૨૧૨/૧૪, સીતારામ ભવન, સાયન હોસ્પિટલની સામે, સાયન (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૨૨.
પંકજ પાશ્વિર લુઠીયા - ૯૯૩૦૫ ૦૯૦૦૦

## આમંત્રણમ્

**પરમ આત્મીય ધર્મસ્નેહી સ્વજનો, સાદર જય જીનેન્દ્ર,**
પ્રિય વતનવાસી... ભાઈઓ / બહેનો

નાની ખાવડી મુકામે નૂતન ગૃહ જીનાલયમાં બિરાજમાન **શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દાદા** ની **ચતુર્થ ધ્વજા** શનિવાર તારીખ ૧૫/૦૬/૨૦૧૯ રોજ ઉજવવામાં આવશે. આ અવસર ને રૂડી રીતે ઉજવવા માટે ત્રિહાનિહકા મહોત્સવનું આયોજન કરેલ છે.

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દાદાની ચતુર્થ ધ્વજા નો લાભ **માતુશ્રી મણીબેન રામજી લોડાયા** (સાંગલી) પરિવારે લીધેલ છે.

ધ્વજા પ્રસંગ ને દીપાવવા **પ. પૂ. મહોદયશ્રીજી મહારાજ સાહેબ પ. પૂ. યશોદયશ્રીજી માં સા.** આદી ઠાણા ની નીશ્રામાં ઉજાવવા માં આવશે.

**ત્રિહાનિહકા મહોત્સવ** તા. ૧૩/૦૬/૨૦૧૯ થી ૧૫/૦૬/૨૦૧૯ સુધી મહોત્સવનું સંચાલન સરલાબેન મણિલાલ લોડાયા સંચાલિત **શ્રી અભિનંદન મહિલા મંડળ** (કલવા) દ્વારા કરવામાં આવશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા **વતન વાસિયો - નિયાણી બહેનો** સહપરિવાર પધારવા **નાની ખાવડી સંઘ તેમજ દાતા પરિવાર**ની આગ્રહભરી નમ્ર વિનંતી. આપણા આવવાની જાણ સંઘ નાં કારોબારી સભ્યોને કરવા વિનંતી.

હાલાર ના સ્થાનિક નિવાસીઓને તા. ૧૫/૦૬/૨૦૧૯ ના ધ્વજા નિમિત્તે હાર્દિક આમંત્રણ સ્વિકારી પધારશોજી.

**લિ. શ્રી નાની ખાવડી કચ્છી દશા ઓશવાલ અચલગચ્છ શ્વેતાંબર જૈન સંઘ.**

અરવિંદ લોડાયા - ૯૯૩૦૨૩૨૦૦૮ / હિતેન લોડાયા - ૦૭૯૭૭૯ ૬૪૪૬૯
પ્રદીપ લોડાયા - ૦૯૧૬૭૮ ૭૪૯૩૪ / દીલીપ લોડાયા - ૦૯૩૨૩૪ ૧૮૬૬૬

પ્રભુ સાથે પ્રીત એવી જોડીએ કે .... પ્રીત પરમાત્માને પામવાનું દ્વાર બની જાય.



## SHRI K.D.O. JAIN MUMBAI MID-TOWN SANGH

**સરકારી યોજનાઓમાં જોડાવવા આધાર કાર્ડ, પેંન કાર્ડ ઝેરોક્ષ તથા બે ફોટા જરૂર લાવશો. ૧૦ વર્ષની નીચેની સુકન્યાને યોજનામાં જરૂર જોડો, પ્રોગ્રામમાં બેબીની એન્ટ્રી ફી નથી.**

**Cordially Invities you to a Seminar on :** Govt. Pub. benefits Schemes, Minority benefits, our K.D.O's Sanshta's Schemes etc.

**On 4th June, 2019**
3.00 p.m. to 5.30 p.m. followed by Alpahar.
Venue : **Shri Naranji Shamji Wadi at Matunga.**

**Registration Fees Rs. 100/- per person.**

For Details Contact : (Time 4.00 p.m. to 6.00 p.m.)

| | |
|---|---|
| 1) Dr. Meeraben Dharamshi | **93233 73773** |
| 2) Dr. Jayshreeben Gosar | **98690 74038** |
| 3) Khamaben Nagda | **93240 13680** |
| 4) Sushilaben Dharamshi | **97691 11034** |
| 5) Ashokbhai Dand | **98211 44324** |
| 6) Nareshbhai Dand | **98696 48453** |
| 7) Saritaben Dagha | **98925 67776** |
| 8) Kanakben Ajani | **90296 34526** |

મ્યુ. કોર્પો. સૌ. નેહલબેન ખોનાના સથવારે સરકારની યોજનાઓ તથા આપણી જ્ઞાતિની જુદી જુદી સંસ્થાઓની યોજનાઓ જાણો, એના ફાયદા માણો. તા. ૪ જૂનનાં માટુંગાની શ્રી નારાણજી શામજી વાડીમાં આપ સૌ જ્ઞાતિજનો જરૂર પધારો.

એન્ટ્રી પાસ મેળવી લેવા ઉપરોક્ત કમિટિ મેમ્બરોને મળો. યોજનાઓમાં જોડાવા ખાતું ખોલવું હોય તો આધાર કાર્ડ, પેન કાર્ડની ઝેરોક્ષ તથા બે ફોટા જરૂર લાવશો. ૧૦ વર્ષની નીચેની સુપુત્રીને સુકન્યા યોજનામાં જોડાવા જરૂર લાવો. કન્યા માટે એન્ટ્રી ફી નથી.

સમાચાર

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શાઈનિંગ સ્ટાર પાઠશાળા વડોદરા

વડોદરામાં શિક્ષણ પ્રેમી માતુશ્રી પ્રતિભાબેન આણંદીલાલ દંડ પરિવાર પાછલા ૨૦ વર્ષોથી સમાજના વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરતા આવે છે. પાઠશાળાની શરૂઆત આજ પરિવારની પરંપરાને આગળ ધપાવતા સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી નિથીથભાઇના પુર્ણ સહયોગથી કરવામાં આવી, સંસ્કૃત અને પ્રાચીન ભાષામાં રહેલી ગુરૂ વંદન, દેવદર્શન, વિધિ નવકાર મંત્ર વગેરેના અંગ્રેજી તથા ગુજરાતીમાં અર્થ સહિત ખુબ સારી સમજણ આપવામાં આવી, બહોળી સંખ્યામાં લોકોએ ભાગ લીધો.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, ગદગ

મહાવીર જયંતી નિમિત્તે શ્રી પાર્શ્વ યુવા મંડળ તરફથી ડૉ. પ્રતીક ખોના અને ડૉ. પ્રીત ખોનાના માર્ગદર્શન હેઠળ સરકારી ડૉક્ટરોના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આપણા સમાજના ૩૦ ભાઇ-બહેનોએ રક્તદાન કર્યું. મંડળના પ્રમુખ શ્રી કેવીન મીનેશ લુઠિયા, ઉપપ્રમુખ શ્રી પ્રણવ ભૂપેન્દ્ર ખોના, સેક્રેટરી શ્રી પૂજન ભરત છેડા તથા જો. સેક્રેટરી શ્રી આશિષ દિનેશ ધરમશીએ સર્વે રક્તદાતાઓને મોમેન્ટો આપી બહુમાન કર્યું.

વિશેષ સહયોગ બદલ મંડળના સભ્યો દ્વારા ભાઇશ્રી સંજયનું બહુમાન કરવામાં આવ્યું.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, ગદગ

આ વર્ષે ચૈત્ર માસની આયંબિલની ઓળી સ્નાત્ર મંડળના સૌજન્યથી મહાજનશ્રીની નિશ્રામાં ૧૪-૪-૨૦૧૯ થી ૧૯-૪-૨૦૧૯ સુધી યોજાઇ. સહલાભાર્થી તરીકે ૫૧ પરિવારોએ લાભ લીધો.

આળી દરમ્યાન કુલ ૨૩૩ તપસ્વીઓએ આયંબિલ કર્યા જેમાં નવ આયંબિલ કરનાર ૨૦ તપસ્વીઓ હતા. મહાજનશ્રી દ્વારા પારણા કરાવવામાં આવ્યા. જેમાં દરેક તપસ્વીઓનું વાપીથી ખાસ આયંબિલ કરવા પધારેલ શા. પ્રદીપ વેરશી સાયલાનું તથા ઓળી દરમ્યાન સ્વાદિષ્ટ રસોઇ બનાવનાર શ્રીમતી વિમલાબેન સંજય મોતાનું સન્માન કરવામાં આવ્યું.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું.

સોમવાર બંધ


## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી પ્રેરીત સ્થાપિત ટ્રસ્ટ પૂ.સા. શ્રી જયદર્શિતાશ્રીજીના માર્ગદર્શન અને દાતાઓના સહકારથી પ્રવૃત્તિ કરી કહ્યું છે.

કાયમી તીથી : ૧) શામજીભાઇ ખીમજીભાઇ મૈશેરી - મુંબઇ હસ્તે અર્ચના વિશાલ મૈશેરી, ૨) હેમલતાબેન યશોધન લોડાયા હસ્તે મીરા જયેશ નાગડા - પુના, ૩) પ્રતાપભાઇ કલ્યાણજી ધરમશી હસ્તે મધુરીબેન ધરમશી - મુલુંડ, ૪) પૂ. જય દક્ષિતા મ.સા.ની દીક્ષા નિમિત્તે.

દર શનિવારનો નકરો : ૧) તેજ કૃણાલ અનિલ મોતા હસ્તે અનિલભાઇ મોતા - અંધેરી, ૨) નિર્મલાબેન નેમીચંદ નાગડા હસ્તે વિજયભાઇ નાગડા - દહીંસર, ૩) ગિરીશ પ્રતાપ લોડાયા પાચોરા.

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ - દલતુંગી

શ્રી અજિતનાથ સ્વામી ભગવાનની ૧૧૬મી ધ્વજા ૯-૫-૨૦૧૯ના ઉજવાયેલ. ધ્વજા ચડાવવાનો લાભ માતુશ્રી સોનબાઇ શામજી પેથરાજ શિયાલ હસ્તે શ્રીમતી ભાવનાબેન બિપિન શામજી શિયાલ પરિવારે લીધેલ.

આવતા વરસે ધ્વજા દરમીયાન સ્વામી વાત્સલ્યનો લાભ માતુશ્રી મણીબેન ગોવિંદજી ગાંગજી લાપસીયા પરિવારે લીધેલ છે. સર્વ સાધારણ (રૂા. ૩૦૦૦/-) નામો લખવાનું ચાલુ છે. જેમણે પણ ઇચ્છા હોય ટ્રસ્ટીનો સંપર્ક સાધી નામો લખાવી શકે છે.

મહાજનવાડીનું ઉદ્‌ઘાટન ૧૩-૧૪-૧૫ જાન્યુઆરી ૨૦૨૦ નિર્ધારિલ છે. પૂ.આ.ભ. શ્રી કલાપ્રભ સાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા પધારશે. વિધિકાર શ્રી નરેન્દ્રભાઇ નંદુ સંગીત મંડળી સાથે મહોત્સવ દરમ્યાન પધારશે.

### શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

શ્રી સંઘમાં પૂ.સા. શ્રી ચારૂદર્શનાશ્રીજી મ.સા. અને પૂ.સા.શ્રી કૈવલ્યદર્શનાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં ચૈત્રી માસની શાસ્વતી આયંબીલની ઓળી થઇ તેના પારણાં માતુશ્રી દમયંતીબેન દેવચંદભાઇ ધરમશી ગામ રંગપૂર અને માતુશ્રી દેવકાબેન ભાણજીભાઇ મેઘજીભાઇ લોડાયા ગામ દલતુંગી વાલા પરિવાર તરફથી કરાવવામાં આવ્યા. સવારના વ્યાખ્યાન શ્રી સિધ્ધચક્રની આરાધના અને આયંબિલ તપમાં સકળ શ્રી સંઘે ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

કાર્તિકી પૂનમના શ્રી સિધ્ધગીરીના ૧૦૮ ખમાસણા બાદ ભાતાનો લાભ ચિ. વિદ્યાન પૂનિત લોડાયા ગામ દલતુંગી પરિવારે લીધેલ.

### તિરૂપુર ખાતે રક્તદાન શિબિર

૧-૫-૨૦૧૯ના મુયાર્ચી મક્કલ અમાઇયુ ખાતે પોલ્લાચી ગર્વન્મેટ હૉસ્પિટલ માટે રક્તદાન શિબિરમાં ૮૫ યુનીટ રક્તદાન પ્રાપ્ત થયું. જેમાં મુયાર્ચીના પદાધિકારીઓ સાથે સભ્ય શ્રી સતીષ નાગડાએ જહેમત ઉઠાવી હતી.

### શ્રી સુવિધિનાથ જૈન દેરાસર તિરૂપુર

તિરૂપુર ખાતે અખાત્રીજ પ્રસંગે સાધ્વીશ્રી જીનાજ્ઞધર્માશ્રીજી મ.સા.ના ૪થા વરસીતપ પ્રસંગે ૫-૫-૨૦૧૯ના સ્નાત્રપુજા, ૬-૫-૨૦૧૯ના સામુહિક સામાયિક, સાંજી તથા ૭-૫-૨૦૧૯ના શોભાયાત્રા, પ્રવચન, વરસીતપ પારણાનું આયોજન થયું. કોઇમ્બતુરના પણ ભાવિકો આ પ્રસંગે પધાર્યા હતા. પૂ.મ.સા.નું આગામી ચાતુર્માસ કોઇમ્બતુર ખાતે હશે એની જાહેરાત કરવામાં આવી. તિરૂપુર ખાતે હાલમાં ૬ સાધ્વીજી બિરાજમાન છે.

### શ્રી પારોલા કચ્છી દશા ઓસવાલ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન શ્રીસંઘ

પારોલા તીર્થમાં ખાનદેશ ક્ષેત્ર શ્રી શાંતિનાથદાદાના જીનાલયની ૧૬૨મી ધ્વજા મહોત્સવ ઉજવવા બહાર ગામથી જ્ઞાતિભાઇ-બહેનો સારી સંખ્યામાં આવ્યા હતા. ૯-૫-૨૦૧૯ના અઢાર અભિષેકનું આયોજન થયેલ. ૧૦-૫-૨૦૧૯ સવારના ૯ વાગે શ્રી સત્તરભેદી પુજા ભણાવામાં આવેલ. ત્યારબાદ ૧૬૨મી ધ્વજા ચડાવાનો લાભ અ.સૌ. લેખાબેન ધનપતી મોમાયા પરિવાર (બારોઇ) જલગામવાલાએ લીધેલ. કાયમી વંશપરંપરા કેશવજી ભારમલ ગોએરસમા વાલા તરફથી સ્વામી વાત્સલ્ય થયેલ. આમરસના લાભાર્થી શાંતિલાલ હરીલાલ ઘંઘુડીયા પરિવાર પારોલાવાલા હતા. સંપૂર્ણ બે દિવસના ભક્તિના લાભાર્થી પરિવાર શ્રીમતી ચંદનબાઇ કુંવરજી મોમાયાના પૂણ્યાર્થે હસ્તે અ.સૌ. અલ્પાબેન ભાવેશ મોમાયા (બારોઇ-જલગામ)એ લીધેલ.

### તિરૂપુર ખાતે મહાવીર જન્મકલ્યાણક દિવસ

૧૭-૪-૨૦૧૯ના મહાવીર શ્રી કલ્યાણક દિવસ પ્રસંગે તિરૂપુર શહેરના ચાર વિસ્તારો રેલ્વે સ્ટેશન, જુના બસ સ્ટેશન, નવા બસ સ્ટેશન તથા ઇ.કે. સ્ટ્રીટમાં જૈન સ્પેશિયલ ગ્રુપના સભ્યો દ્વારા શીરાનું વિતરણ કરાયું હતું.

### મોટી સિંધોડી નગરે ધ્વજા મહોત્સવ

૬-૫-૨૦૧૯ના રોજ શ્રી નેમિનાથ જિનાલયનો અઢાર અભિષેક કરવામાં આવ્યો. ૭-૫-૨૦૧૯ના ધ્વજા મહોત્સવ વિધિકાર શ્રી જીજ્ઞેશભાઇ સંઘવી અને સંગીતકાર શ્રી કિશોરભાઇ સંગાર તથા મંડળી સંગાથે ઉજવવામાં આવ્યો જેમાં ધ્વજાના મુખ્ય લાભાર્થી મુંબઇ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશભાઇ મોતા સાથે ગામવાસીઓ, મહેમાનો, નિયાણી બહેનો ઉપસ્થિત રહેલ.

નૂતન જિનાલયની ખનનવિધિ તથા શિલાન્યાસ ૨૪ અને ૨૫ જુન ૨૦૧૯ના આયોજીત કરવામાં આવેલ છે જેમાં વિધિકાર શ્રી ચંદ્રકાંતભાઇ દેઢિયા ઉપસ્થિત રહેશે.

### તિરૂપુર (તામિલનાડુ) શ્રી સુવિધિનાથ શ્વેતામ્બર મૂર્તિ પૂજક જૈન સંઘ

ચૈત્ર માસની આયંબીલની ઓલી તિરૂપુર (તામિલનાડુ) ખાતે ૧૧-૪-૨૦૧૯ થી ૧૯-૪-૨૦૧૯ના ઉજવાઇ. હર રોજ ૫૦ જેટલા આયંબીલ તપસ્વી જોડેલ. આયંબીલ ઓળીના દાતા પરિવાર શ્રી બુદ્ધિધન પદમશી મોમાયા. ૨૦-૪-૨૦૧૯ સર્વે તપસ્વીઓના પારણા રાખેલ.

### શ્રી કે.ડી.ઓ. જૈન મુંબઇ મીડ-ટાઉન સંઘ

શ્રી મુંબઈ મીડટાઉન સંઘ તરફથી માર્ચ ૨૩, ૨૪ નાં તેજુકાયા પરિવારના સહયોગથી વ્યાજબી ભાવે બેસ્ટ

### કચ્છી કસબ - ૧૩૮ નો ઉકેલ

**આડી ચાવીઓ** - (૧) અકસીર (૩) અંઢી (૬) ધલવો (૭) લપણ (૯) ધામા (૧૦) અચીજા (૧૨) ઠોળ (૧૩) મેડ (૧૪) કોટ્ટે (૧૫) જલ (૧૭) પે (૧૮) ગજરો (૧૯) પોડસો (૨૧) વેઠ્ઠે (૨૨) વોણાં (૨૩) મડમડ (૨૪) છેનાણું (૨૬) વેન (૨૭) ચીલ્લો (૨૮) વર્યો (૨૯) જેજો (૩૦) ચાગ (૩૧) પોત્રો (૩૨) વેજા (૩૪) ડાઈ

**ઊભી ચાવીઓ** - (૧) અસલ (૨) રતો (૩) અંધીચીચી (૪) શોધમાઠો (૫) નવો (૮) પકડ (૧૦) અટ્ટેગટ્ટે (૧૧) જાજરો (૧૩) મેટ (૧૬) ખાસો (૧૯) પોણાં (૨૦) રાડ (૨૧) વેડચીર્યો (૨૨) વોણું (૨૩) મજૂસ (૨૪) નાલેજો (૨૬) વેનાગડા (૨૮) વત્રો (૨૯) જેજા (૩૩) ભા

ક્વૉલીટી, મશીનથી સાફ કરેલા મસાલાના વેંચાણને ખૂબ સુંદર પ્રતિસાદ મળ્યો. આગામી સેમીનાર તા. ૪ જૂન.

## શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન દ્વારા 'સ્વાભિમાન' કાર્યક્રમ યોજાયો

### સમાજનાં ૧૩૫ સિનિયર સિટીઝનોએ ભાગ લીધો

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવળ જૈન મહાજન મુંબઇ દ્વારા કચ્છમાં વસતા સમાજનાં સિનિયર સીટીઝનો માટે 'સ્વાભિમાન' કાર્યક્રમ ગુણપાર્શ્વ તિર્થ દેઢીયા - કચ્છ મધ્યે પૂ. મુનિરાજ શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા., પૂ. મુનિરાજ મુક્તિરત્ન સાગરજી મ.સા., પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકર સાગરજી મ.સા., પૂ. મુનિરાજ શ્રી મોક્ષેચંદ્રસાગરજી મ.સા., પૂ. સાધ્વી જ્યોતિકળાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં યોજાયો હતો. પ્રારંભે નવકારમંત્ર બાદ સમસ્ત ક.દ.ઓ. મહાજનમાં ટ્રસ્ટી શ્રી નીલેશભાઇ પોલડીયાએ આવકાર આપ્યો હતો.

પ્રખર પ્રવચનકાર પૂ. મુનિરાજ શ્રી પુર્ણભદ્રસાગરજી મ.સા. એ સમાજનાં સિનિયર સિટીઝનોને પ્રેરણાદાયી ઉપદેશ આપતા જણાવ્યું હતું કે, ઘડપણ બનાવવું હોય તો જીભ માં મીઠાસ, હૃદયમાં પ્રેમ, મગજમાં ઠંડક તથા બધા પ્રત્યે વાત્સલ્ય ભાવ રાખજો. ''આંખમાં અમી તો દુનિયા ગમી, ધ્યેય રાખજો. સદાચારમય જીવન જીવી સંસારની જે જવાબદારીઓ હોય એ અદા કરજો. મનને શાંત રાખી આરાધના-ઉપાસના સાથે જીવનને સફળ બનાવજો. સાવ નવરા બેસજો નહીં. પ્રવૃત્તિ શોધી લેજો. જીદંગી જીવવાની ચીજ નથી, જિંદગી જીતવાની ચીજ છે. માતા-પિતા વડીલોનો ઉપકાર ઋણ છે. વડીલ ઘરની શોભા, વિસામો અને છત્રછાયા કહેવાય તેવું જણાવી વડીલોને જ્ઞાનનાં પુસ્તકોનું વધારેમાં વધારે વાંચન કરવા જણાવ્યું હતું.

કચ્છમાં કાર્યક્રમના દાતા અને આયોજક શ્રી પ્રદિપભાઇ ખોનાએ પ્રસંગ પરિચય આપતાં સમાજનાં સિનિયર સીટીઝનો માટે સ્વાભિમાન યોજનાની માહિતી આપી હતી. પરિવારમાં તથા સમાજમાં સિનિયર સિટીઝનોનું માન-સન્માન કેમ જળવાય તેની સમજ પૂરી પાડી સમસ્ત મહાજનશ્રીનાં પ્રોજેક્ટની માહિતી આપી હતી.

સમસ્ત મહાજનશ્રીનાં સભ્ય પ્રબોધ મુનવરે સમાજનાં સિનિયર સિટીઝનોને આધુનિક ટેક્નોલોજી ઉપકરણોનો વપરાશ, યાત્રાઓનું આયોજન, તબિબિ સારવાર, કાયદાકિય સલાહ તેમજ ધાર્મિક પુસ્તકોનાં વાંચનની સમજ પૂરી પાડી હતી. આ કાર્યક્રમમાં કચ્છભરમાંથી સમાજનાં ૧૩૫ સિનિયર સિટીઝનો ઉપસ્થિત રહી આનંદ-ઉમંગે કાર્યક્રમે માણ્યો હતો. સંગીતકાર કિશોર સંગાર એન્ડ પાર્ટીએ ભારે રમઝટ જમાવી હતી.

વડીલ વંદના રૂપે દરેક વડીલોને મોમેન્ટો તથા ટ્રેવેલીંગ ખર્ચ શ્રીમતી મીનલબેન પ્રદિપ ખોના ગાંધીધામ પરિવાર દ્વારા આપવામાં આવેલ. શ્રી ગુણપાર્શ્વ તિર્થ દેઢીયા દ્વારા કાર્યક્રમ આયોજકોનું બહુમાન શ્રી ચેતનભાઇ ખોનાએ કર્યું હતું.

''કેડાવ્યા... કેડાવ્યા' ઇ બચપણ જા ડીં'' કચ્છી ગીતથી સૌએ બચપણ ને યાદ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રદિપભાઇ ખોનાએ જ્યારે આભાર દર્શન ચેતનભાઇએ કરેલ. વ્યવસ્થામાં મહેશ નાગડા, હિતેન છેડા, દેવેન્દ્ર ધરમશી, હરીશ લોડાયા, અભય ધરમશી, હેમંત છેડા, ધનપતિ લોડાયા, અશોક મૈશેરી એ સહકાર આપ્યો હતો.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટિસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


## પાસ થયા અભિનંદન

નોંધ : જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**સિધ્ધાર્થ વિક્રમ મોતા**
તેરા - મુલુંડ
S.S.C. (CBSE)
**97.80%**



**પ્રેક્ષા મનિષ નાગડા**
હૈદરાબાદ - તેરા
S.S.C. (CBSE)
**93%**



**પ્રીયલ મનિષ નાગડા**
હૈદરાબાદ - તેરા
S.S.C. (CBSE)
**92%**



**દર્પણ રાજીવ મોમાયા**
તીરપુર
S.S.C. (I.C.S.E.)
**89.80%**



**ખુશી રાજેશ મોતા**
તેરા - મુલુંડ
S.S.C. (CBSE)
**76.40%**

## કચ્છના આવીર્ભાવ પહેલાંનો મેરૂડો ટક્કર : જુરાસિક – કેટેસિયસ યુગનો અવશેષ

ખડીર અને પાકિસ્તાન-સિંધના થરપારકર વિસ્તારની વચ્ચે મોટા રણમાં એક ટેકરી મેરૂડો ટક્કર લાખો વરસ જૂના અવશેષ રૂપે વિદ્યમાન છે લગભગ ૬૦ કિલોમીટર પહોળી અને ૩૦૦ કિલોમીટર લાંબી એવી આ ટેકરીનો એક છેડો સીસ્ક્રીક સુધી અને પૂર્વ છેડો સુઇ સુધી પથરાયેલો છે.

હાલમાં આ મેરૂડો ટક્કર ટેકરીનો ભૂસ્તર શાસ્ત્રીય અભ્યાસ કચ્છ યુનીવર્સિટીના ડૉ. મહેશ ઠક્કર અને તેમના વિદ્યાર્થીઓએ હાથ ધર્યો છે. એક સમયે સિંધ અને કચ્છ વચ્ચેના આવાગમનના માર્ગમાં વિશ્રામ સ્થળ તરીકે જાણીતી આ ટેકરી લગભગ ભૂલાઇ ગયેલી છે પણ એ એક મહત્વપૂર્ણ ભૌગોલિક રચના છે.

જ્યારે આફ્રિકાની ખંડીય છાજલી અને ભારતીય ઉપખંડ અલગ થઇ રહ્યા હતા છેક ત્યારે ઉદ્ભવેલી આ ટેકરી હવે માંડ નાનકડી નિશાની જ રહી ગઇ છે જે એના અગ્નિકૃત અને જળીય ખડકો ઉપરથી સ્પષ્ટ થાય છે.

મેરૂડો – ટક્કરના ઉદ્ભવ સમયે કચ્છનું તો અસ્તીત્વ જ ન હતું. કાળ ક્રમે પચ્છમ, ખડીર, બેલા મેઇન લેન્ડ કચ્છ, વાગડ જેવા પ્રદેશો સમુદ્રની સપાટી તોડી ઉપર આવ્યા તે પહેલાં આ મેરૂડો ટક્કર અસ્તીત્વમાં હતો. આ ટેકરીના ખડકો અરવલ્લીના સાઇનાઇટ ખડકો સાથે મળતા આવે છે.

## અબડાસામાં પાણીની પરેશાની

આપણા અબડાસા તાલુકાના અનેક ગામો પાણીની તંગીને લીધે હાલાકી ભોગવી રહ્યા છે. નળિયા-કોઠારા જેવા મોટા ગામોના પાણીના સ્રોત પણ તળિયા ઝાટક થઇ ગયા છે.

## આઠ લાખ ટન ઘાસચારાનું ઉત્પાદન

કચ્છના ખાસ કરીને અબડાસા-નખત્રાણા વગેરે વિસ્તારોમાં જે ખેડુતો સિંચાઇની સવલત ધરાવે છે તેમણે અંદાજે આઠ લાખ ટન ઘાસચારાનું ઉત્પાદન કર્યું છે જે પૈકી લગભગ બધો જ ચારો વિના મુલ્યે પાંજરાપોળો અને ઢોરવાડાઓને વહેંચી દેવામાં આવ્યો છે.

## વધેલી રસોઇનો સદુપયોગ

માનવ જ્યોત સંસ્થાએ વિવિધ ધાર્મિક, સામાજીક અને લગ્ન પ્રસંગે તૈયાર થયેલી રસોઇનો વધી પડેલો હિસ્સો જરૂરત મંદોને પહોંચાડી આખા વરસ દરમિયાન લગભગ અઢી લાખ લોકોની જઠરાગ્નિ શાંત કરી છે. પરિણામે આવા જરૂરતવાળા લોકોના સ્વાસ્થ્યમાં જીવનમાં પારિવારિક સુધારો જોવા મળ્યો છે તો સાથે જ બાળકોને શાળાની સુવિધા પણ ઉપલબ્ધ થઇ છે.

## આયુર્વેદિક વનસ્પતિ

કચ્છના હવા, પાણી આયુર્વેદિક ઔષધીય વનસ્પતિને ખૂબ અનુકૂળ છે. આથી અહીં સદા ગૂગલ, બાવળ, કુંવારિયો, પિત્ત પાપડો જેવી વનસ્પતિની પ્રચૂરતા જોવા મળે છે. અગાઉ એક એવી વનસ્પતિ પણ થતી જેના ફૂલ સૂંઘવાથી ઊંઘ આવી જતી જે હવે લુપ્ત થઇ ગઇ છે. હવે ભુજ નજીકના કેટલાક ગામોમાં આયુર્વેદિક વનસ્પતિને ઉગાડવાના પ્રયાસ શરૂ થયા છે.

## કેર સગા ને કેર વાલા ?

ડૉ. વિશન નાગડાએ તૈયાર કરેલું કચ્છી ભાષામાં ભજવાતું આ નાટક ખૂબ જ લોકપ્રિય થઇ રહ્યું છે. આમાં કામ કરનારા બધા જ કલાકારો વાગડ અને કંઠી પટના છે તેથી ભાષાની એક અલગ છાંટનો લહાવો પણ મળે છે.

## હરેશ ધરજી કસભીનો બે નવા કાવ્ય સંગ્રહ

કચ્છીના વરિષ્ઠ અને લોકપ્રિય કવિ હરેશ ધરજી કસભીના બે કાવ્ય સંગ્રહોનું તાજેતરમાં મુંબઇ ખાતે વિમોચન કરવામાં આવ્યું.

કચ્છ યુવક સંઘ તરફથી યોજાયેલા આ સમારંભમાં કાવ્ય સંગ્રહ 'ધીયરૂં' અને 'સાધર'નું વિમોચન કરવામાં આવ્યું હતું.

## વીજળી ઉત્પાદન

વતનમાં હાલ લગભગ ૩૦૦૦ થી વધુ પવન ચક્કીઓ કાર્યરત છે જે સરેરાશ ૧૮૮૬ મેગાવૉટ વીજ ઉત્પાદન કરે છે. આ ઉપરાંત સૌર ઊર્જા – સોલર સેલ મારફત દૈનિક ૧૫૦ મેગાવૉટ વીજ ઉત્પાદન થાય છે જ્યારે પાવર પ્લાંટમાં ૬૦ કરોડ યુનિટ ગ્રીડમાં દાખલ કરાય છે. નોંધવું જોઇએ કે આજે પણ સંખ્યાબંધ પવન ચક્કી પ્રોજેક્ટો માટે સમજૂતી કરાર થઇ રહ્યા છે. કચ્છમાં હાલ ૪.૫ લાખ વીજ જોડાણ છે.

Exclusive Embroidery & Upto date Finishing
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

**નવા/બદલાયેલા સરનામા/ફોન** – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **નિલેશકુમાર ગુલાબચંદ દંડ** (PS 5537) (ભુલ સુધાર) | સપ્તગિરી પાર્ક, ૮/૯ ક્રોસ, પ્લૉટ નં. ૩૪૪/૩૪૫ અને ૩૫૮/૩૫૯ જે. કે. સ્કુલની પાછળ, ગોપાન્કોપ્પા, કેશવાપુર એક્સટેન્શન એરીયા, હુબલી - ૫૮૦ ૦૨૩. મો.: નિલેશ 09036266426, રાખી 08150991999 |
| **પ્રફુલ ચીમનલાલ મોતા** (PS 3214) | બી-૧૧૦/૧૧૧, પરીમલ કો.હા.સો., આર. બી. મહેતા માર્ગ, અનંત છાયા પાસે, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦ ૦૭૭. મો. 098194 50004 |
| **દામજી ટોકરશી મોતા** (PS 5632) | ૪૦૩, ત્રીજે માળે, ઑર્કિડ વેલી એપાર્ટમેન્ટ, બીજો ક્રોસ, હોસુર, હુબલી-૫૮૦ ૦૨૧. મો.: 095358 73882 |
| **હીરાચંદ મેઘજી મોતા** (PS 1632) | એ-૪૧, શ્રીરામ એપાર્ટમેન્ટ, જવાહરલાલ નહેરૂ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. ફોન: 022-2560 5787 મો.: 098213 28384 |
| **નરશી વસનજી દૌલત (ધુલ્લા)** (PS 937) | ૩૦૪, રાજેશ પાર્ક સોસાયટી, પ્લોટ નં. ૬૧, ૬૦ ફીટ રોડ, અનંત છાયા ટાવરની સામે, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો. : 09920246764, 08655212395 |
| **ઉમરશી કાનજી મોતા** (PS 3150) | ૪૦૩, સનશાઈન વાસ્તુ કો.હા.સો., રાજાજી પથ, લેન નં. ૧, યેહ એક્ઝોટીકા રેસ્ટોરેન્ટની ઉપર, રામનગર, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: 09372061408 |
| **સુનીલ ખેતશી ખોના** (PS 5467) | A2-307, સ્પ્રીંગ વેલી એપાર્ટમેન્ટ, ન્યુ સિટી લાઈટ રોડ, સુરત-૩૯૫ ૦૧૭. ફોન : 0261 2208 863 |
| **શ્રીમતી મંજુલા દામજી મૈશેરી** (PS 849) | ૨૦૪-૨૦૫, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો.: 093232 57016 |
| **શ્રીમતી તારાબેન જીવરાજ ખોના** (PS 5303) | C/o. મયૂર વી. વિસરીયા, ૫૦૩, અમિટી પ્રાઈમ, સ્ટ્રીટ નં. ૩, એમ. જે. કોલોની, મૌલાલી, હૈદરાબાદ-૫૦૦ ૦૪૦. મો.: 093963 58473 |
| **શરદ ત્રિકમજી દંડ** (PS 7372) | બાપજી શૉપિંગ મૉલ, આખેગાંવ રોડ, શેવગાંવ - ૪૧૪ ૫૦૨. મો.: 099708 95027 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૧-૧૯ | સાયન | દિયારા, પુનમ જીગર હરીશ ખોના | નલિયા | પુત્રી |
| ૦૫-૦૩-૧૯ | ડોમ્બીવલી | શૌર્ય, રીમા રોબીન મહેન્દ્ર લોડાયા | ગોરખડી | પુત્ર |
| ૧૨-૦૪-૧૯ | અમદાવાદ | કીયાન, મીતલ તુષાર ગુલાબભાઈ સાંયા (ભુલ સુધાર) | સુજાપર | પુત્ર |
| ૧૬-૦૪-૧૯ | કલીકટ | મોક્ષ, મહેક મેહર વિજય ભવાનજી લોડાયા | નલિયા | પુત્ર |
| ૨૪-૦૪-૧૯ | થાણા | ધાર્મી, અંકિતા હિતેશ નવિનચંદ્ર મોમાયા | સાંયલા | પુત્રી |
| ૨૫-૦૪-૧૯ | અબુધાબી/ઈન્દોર | ધીયારા, નેહા વરૂણ સુનીલ મેઘજી મોતા | તેરા | પુત્રી |
| ૩૦-૦૪-૧૯ | યુએસએ | સમક્ષ, અંજલી યોગેશ પ્રફુલચંદ જેઠાભાઈ મુનવર | કોઠારા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૪-૧૯ | દહીસર | ધાર્મિક નીરેન ચીમનલાલ મોતા | રાયધણજર | - |
| | ડોમ્બીવલી | હિરલ ચેતન મુલજી છેડા | નલિયા | - |
| ૦૫-૦૫-૧૯ | ઘાટકોપર | ભૌમિક જયંત ગોવિંદજી લોડાયા (અજાણી) | કોઠારા | ૨૬ |
| | મુલુંડ | શીતલ નરેશ દામજી સોની | વાંકુ | ૨૪ |
| ૦૭-૦૫-૧૯ | ભુસાવલ | હેમંત દિપક લાલજી પોલડીયા | ગોએરસમા | ૩૧ |
| | બદલાપુર | રૂચીતા અતુલ પ્રતાપ લોડાયા | સાંયરા | ૩૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૦૫-૧૯ | ભાંડુપ | ચિરાગ મનોજ નવીનચંદ્ર મોતા | રાયધણજર | ૩૦ |
| | ઘાટકોપર | ઊર્મી પ્રફુલ વિસનજી મુનવર | જખૌ | ૨૪ |
| | | **આંતરજ્ઞાતિય સગપણ** | | |
| ૦૭-૦૫-૧૯ | મુલુંડ | પ્રિયંક શૈલેશ કેશવજી જોબનપુત્રા | ભુજ | ૨૯ |
| | મુલુંડ | અંકીતા તિલક વેરશી લોડાયા | દલતુંગી | ૩૧ |
| ૦૭-૦૫-૧૯ | મસ્જિદ બંદર | ધવલ પ્રશાંત સુરેશ ધરમશી | મંજલ રેલડીયા | ૨૪ |
| | વાશી | રૂચી ચેતન મંગલદાસ ઠક્કર | મસ્કા | ૨૪ |
| ૦૭-૦૫-૧૯ | માટુંગા | ધ્રુવ જયંત લક્ષ્મીચંદ લાપસીયા | રવા | ૨૬ |
| | સાયન | વિધિ સંજય વિનોદચંદ્ર વોરા | દેલવાડા | ૨૬ |
| ૦૯-૦૫-૧૯ | મુલુંડ | અવલ જિતેન્દ્ર લક્ષ્મીચંદ શિયાલ | જખૌ | ૨૫ |
| | ચેમ્બુર | નિયતિ મેહુલ ગોવિંદભાઈ મહેતા | સાવરકુંડલા | ૨૫ |
| ૧૧-૦૫-૧૯ | દાદર | નીતેશ યાડગીરી સત્યનારાયણ કોમ્ટી | વારંગલ | ૨૭ |
| | મુલુંડ | ભૂમિ પરેશ રાયચંદ લોડાયા | સાંધવ | ૨૬ |
| ૧૬-૦૫-૧૯ | અમદાવાદ | વિજય પ્રવિણકાંત દામજી શાહ (નાગડા) | પરજાઉ | ૨૭ |
| | અમદાવાદ | આયુષી રવિભાઈ અશોક વિશ્વકર્મા | રતલામ | ૨૦ |
| | | **લગ્ન** | | |
| ૦૭-૦૫-૧૯ | હુબલી | મયૂર મહેશ પદમશી દામજી મોમાયા | વરાડીયા | ૨૯ |
| | ભાટાપારા (C.G.) | રશ્મી નરેન્દ્ર પદમશી દંડ | વરાડીયા | ૨૩ |
| | | **આંતરજ્ઞાતિય લગ્ન** | | |
| ૦૯-૦૩-૧૯ | ભોપાલ | અશ્વિન શિવકુમાર જડોન | રાજસ્થાન | ૨૭ |
| | ભોપાલ | અનુષા મહેન્દ્ર વાલજી અરજણ મોતા | વાંકુ | ૨૭ |
| | | **મરણ** | | |
| ૦૮-૦૫-૧૯ | હુબલી | હિરેન ચીમનલાલ ધનજી મુલજી લાલકા | વારાપધર | ૬૩ |
| ૦૮-૦૫-૧૯ | મુલુંડ | પ્રો. પ્રતાપ મુલજી જેવત ધરમશી | સુથરી | ૬૪ |
| ૦૮-૦૫-૧૯ | વડાલા | નરેશ લલીત રતનશી નાગડા | સુથરી | ૪૮ |
| ૦૮-૦૫-૧૯ | મસ્જીદ બંદર | અલકા અનિલ માણેકજી શિયાલ | દલતુંગી | ૫૫ |
| ૧૧-૦૫-૧૯ | જખૌ | દિપક ટોકરશી લાલકા | લાલા | ૬૨ |
| ૧૧-૦૫-૧૯ | ડોમ્બીવલી | હીરબાઈ સોમચંદ મુલજી ખોના | સુથરી | ૭૯ |
| ૧૩-૦૫-૧૯ | સોનગઢ | જયવંતી હિરાચંદ ભવાનજી ખોના | નલિયા | ૮૨ |
| ૧૩-૦૫-૧૯ | કોઠારા | નવલબેન દેવશી ભવાનજી ખોના | વરાડીયા | ૬૫ |
| ૧૪-૦૫-૧૯ | બારામતી | તેજપાર નરશી શિયાલ | જખૌ | ૯૫ |
| ૧૪-૦૫-૧૯ | સેંધવા | હરીશ શાંતીલાલ પ્રેમજી મોમાયા | બારોઈ | ૩૨ |
| ૧૫-૦૫-૧૯ | ડોમ્બીવલી | મુલચંદ (ગુલાબ) મુલજી લાપસીયા | કોઠારા | ૬૪ |
| ૧૫-૦૫-૧૯ | મુલુંડ | વિજયાબાઈ વિશનજી જેઠાભાઈ ગોસર | ગોએરસમા | ૮૭ |
| ૧૫-૦૫-૧૯ | નાલાસોપારા | ખુશાલ શામજી મોતા | સુથરી | ૬૫ |
| ૧૫-૦૫-૧૯ | મુલુંડ | બકુલ (બંકિમભાઈ) પદમશી ધરમશી | સુથરી | ૭૮ |
| ૧૫-૦૫-૧૯ | કાંજુર માર્ગ | અરૂણાબેન લીલાધર ચત્રભુજ ભીંયસી ડાઘા | વરાડીયા | ૭૬ |
| ૧૫-૦૫-૧૯ | ડોમ્બીવલી | ભારતીબેન નારાણજી નરશી મોમાયા | સુથરી | ૭૫ |
| ૧૬-૦૫-૧૯ | ડોમ્બીવલી | ગંગાબાઈ જેઠાભાઈ વિશનજી મોતા | કોઠારા | ૮૭ |
| ૧૭-૦૫-૧૯ | ડોમ્બીવલી | મણીલાલ લીલાધર લખમશી ખોના | જખૌ | ૭૦ |
| ૧૭-૦૫-૧૯ | બડગરા | જીવરાજ વેરશી પોલડીયા | બાયઠ | ૮૦ |
| ૧૮-૦૫-૧૯ | યવતમલ | વર્ધમાન શામજી પદમશી ધરમશી | નલિયા | ૮૫ |
| ૧૮-૦૫-૧૯ | મુલુંડ | સરિતા બિપીન નરશી છેડા | સુથરી | ૬૪ |

# ભાવભિની શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૪-૫-૧૯૪૫

અરિહંત શરણ :
તા. ૧-૫-૨૦૧૯

## અ.સૌ. સ્વ. જશવંતી રમેશ જેઠાભાઈ નાગડા

મન અમારૂં મુરઝાઈ જાય છે, જોઈ છબી આપની,
હૈયું માનવા તૈયાર નથી કે હયાતી નથી આપની,
સદાય હસમુખા ચહેરાથી સૌનું અભિવાદન કરનારા,
અને આવકાર આપનાર અમારા જશુબેન વાત્સલ્ય વરસાવતા.
તારીખ ૧ લી મે, ૨૦૧૯ના પરલોક સિધાવ્યા છે,
પ્રભુ એમના આત્માને પરમ સુખ-શાંતિ આપે
એવી અંતરની પ્રાર્થના.

### શોકાતુર પરિવાર

| | |
|---|---|
| પતિ | : **રમેશ જેઠાભાઈ નાગડા** (નલિયા–કોચીન) |
| પુત્ર–પુત્રવધુ | : **અ.સૌ. મિતા ધર્મેશ નાગડા** |
| પુત્ર–પુત્રવધુ | : **અ.સૌ. છાયા ધીરેન નાગડા** |
| પૌત્ર–પૌત્રી | : **ચી. ધ્રુવ અને ચી. પ્રાચી** |
| વેવાઈ–વેવાણ | : **અ.સૌ. સ્વ. મીનાબેન પ્રવીણ ડાઘા** (વરાડીયા–ચૈનાઈ) |
| વેવાઈ–વેવાણ | : **અ.સૌ. અરૂણાબેન તિલોકચંદ લાલકા** (નલીયા–સોલાપુર) |

તથા

**મીઠીબાઈ જેઠાભાઈ ખીંયરાજ નાગડા સમસ્ત પરિવાર** (નલીયા–કોચીન)
**મીઠીબાઈ વિરચંદ કુંવરજી પટેલ સમસ્ત પરિવાર** (તેરા–મૂર્તિજાપુર)

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Postal Regd. No. MCS/217/2018-2020
Date of Publication every month 5th & 20th
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## મોટી સિંધોડી નગરે ધ્વજા મહોત્સવ ૨૦૧૯



## ડ્રાઈવમાં શિલ્પા અજાણીની અદ્‌ભુત કાર્યસિદ્ધિ




## શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન દ્વારા 'સ્વાભિમાન' કાર્યક્રમ



## તિરૂપુર ખાતે મહાવીર જન્મકલ્યાણક દિવસ



## ખોના તથા દંડ પરિવારનું ગૌરવ







### ચિ. ભૌમીક જીતેન ખોના

**ચિ. ભૌમીક** એ 10th - S.S.C. (CBSE)માં **95%** ગુણાંક મેળવીને પરિવારનું ગૌરવ વધારેલ છે. એ બદલ હાર્દિક અભિનંદન. ભવિષ્યમાં એ ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે એવી અભિલાષા.

દાદાણાં : **મણીલાલ ગોંવિદજી ખોના**
નાનાણાં : **કરમશી ચાંપશી દંડ**

## ચતુર્થ પુણ્યતિથિએ સ્મૃતિ વંદના

પાંપણ ઝુકેને તમને
નમન થઈ જાય,
મસ્તક ઝુકેને
વંદન થઈ જાય



એવી નજર અમે
ક્યાંથી લાવીએ ''માં''
કે યાદ કરીયે ને
આપના દર્શન થઈ જાય.

### માતુશ્રી કસ્તુરીબાઈ તિલકચંદ મોમાયા

દેવશરણ : તા. ૨૯/૦૩/૨૦૧૫
આપની સ્મૃતિ જેમના હૈયે વશે હરપલ
માતુશ્રી ગંગાબાઇ ડુંગરશી જેવત મોમાયા (ભઠારા) પરિવાર - નલીયા
માતુશ્રી ભચ્ચીબાઇ લખમશી રાઘવજી મૈશેરી પરિવાર - નાની સિંધોડી (રાયપુર)
જીવન સાથી : શા. તિલકચંદ ડુંગરશી મોમાયા
દિકરી - જમાઈ
કલ્પના રમેશ લોડાયા (અ.નગર) વિણા જવેરચંદ લોડાયા (ભાંડુપ)
મનિષા દિપક લોડાયા (નિઝામાબાદ) યોગિતા મનિષ લોડાયા (નાશીક)
દોહિત્રિ - જમાઈ : નેહા ગૌરવ દંડ, નિયતિ જીગેશ મૈશેરી, નિરલ સંકેત લોડાયા
દોહિત્ર - દોહિત્રિ : મિહિર, ફેનિલ, દર્શન, જીનિશા, ટીશા, ભૂમિ.

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
**C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053.

To,

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.